આજનો સુવિચાર
શિક્ષક પોતે જો શીખતો ન રહે તો એ કદી શીખવી ન શકે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય
Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67
Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૬૯ જૂનાગઢ તા.૩૧-૧૦-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 269, Junagadh : Date : 31 October, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### વડાપ્રધાન મોદીએ કેવડીયા કોલોની ખાતે લોખંડી પુરૂષ સરદાર પટેલને પુષ્પાંજલી અર્પણ કરી

## દેશની જનતાએ તુષ્ટીકરણની રાજનીતિથી બચવાનું છે : વડાપ્રધાન

કેવડીયા કોલોની તા.૩૧

ગુજરાત પ્રવાસના બીજા દિવસે આજે સરદાર જયંતી નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેવડિયા એકતા નગર પહોંચ્યા હતા. જ્યાં તેમણે સરદાર સાહેબની પ્રતીમાને પુષ્પાંજલિ આપી હતી અને એકતા પરેડનુ નીરિક્ષણ કર્યું હતું. બાદમાં ઉપસ્થિત મેદનીને સંબોધન કરતાં વડાપ્રધાને વર્તમાન ભારતને સરદાર પટેલના સપનાંનું ભારત ગણાવીને કહ્યું હતું કે, દેશની જનતાએ તુષ્ટિકરણની રાજનીતિથી બચવાનું છે, કારણ કે આ વિચારધારા ખતરનાક છે. તેમણે ચંદ્રયાનથી લઈ ઓલિમ્પિક સુધી ભારતની યશગાથાનું વર્ણન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવનારા ૨૫ વર્ષને ભારતનો નવો અમૃતકાળ ગણાવ્યો હતો. આવનારા ૨૫ વર્ષ સૌથી મહત્વપૂર્ણ ૨૫ વર્ષ છે. ભારતને સમૃદ્ધ બનાવવાનું છે. ભારતને વિકસિત બનાવવાનું છે. આપણને ગર્વ છે કે ભારત ચંદ્ર પર પહોંચ્યું છે. દેશ-દુનિયામાં તિરંગાની શાન વધી રહી છે. ઓલિમ્પિકમાં સૌથી વધારે મેડલ જિત્યા છે. ભારતે ગુલામીની માનસિકતાને ત્યાગીને આગળ વધવાનો સંકલ્પ લીધો છે.

આજે એવું કોઈ લક્ષ્ય નથી કે ભારત મેળવી ન શકે. દરેકનો પ્રયાસ હોય તો અસંભવ કાંઈ હોતું નથી. કોણે વિચાર્યું હતું કે ક્યારેય કાશ્મીર કલમ ૩૭૦થી મુક્ત થઈ શકે. પણ આજે કાશ્મીર અને દેશ વચ્ચેની ૩૭૦ કલમની દીવાલ પડી ગઈ છે. સરદાર સાહેબ જ્યાં પણ હશે, તેમનો આત્મા રાજી થતો હશે. કાશ્મીરના લોકો આઝાદીની હવામાં શ્વાસ લઈ રહ્યા છે. વડાપ્રધાને કેવડિયા એકતા નગર કોલોની ખાતે જણાવ્યું હતું કે, સંકલ્પ સે સિદ્ધિનું મોટું ઉદાહરણ આપણું આ એકતા નગર પણ છે. દસ વર્ષ પહેલાં કોઈએ વિચાર્યું પણ નહોતું કે કેવડિયા આટલું બદલાઈ જશે. જ્યારે પણ અહીંયા આવું છું ત્યારે અલગ આકર્ષણ જોવા મળે છે. અહીંયા છેલ્લા ૬ મહિનામાં દોઢ લાખથી વધારે વૃક્ષો વાવ્યા છે. સોલાર પાવરમાં પણ એકતા નગર આગળ છે. હવે સ્પેશિયલ હેરિટેજ ટ્રેનનું આકર્ષણ ઊભું થશે. અમદાવાદ અને કેવડિયા વચ્ચેની આ ટ્રેનમાં આપણો વારસો છે. એન્જિન સ્ટીમ જેવું દેખાશે પણ ચાલશે વીજળીથી. હવે અહીંયા પબ્લિક બાઈક શેરિંગ સિસ્ટમની પણ સુવિધા મળશે તેમ વડાપ્રધાનો જણાવ્યું હતું.



મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફ્લોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિતાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકિસ્ટ વ્યાપારિક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

## મુકેશ અંબાણીને ૪ દિવસમાં ત્રીજીવાર ઈ-મેઈલ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી મળી

મુંબઈ તા. ૩૧

દેશના સૌથી ધનિક વ્યક્તિ અને ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને ચાર દિવસમાં ત્રીજી વખત જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ૨૭ અને ૨૮ ઓક્ટોબરે ધમકીઓ મળ્યા બાદ મુકેશ અંબાણીને સોમવારે ૩૦ ઓક્ટોબરે ફરી ધમકી મળી છે.

ગામદેવી પોલીસે જણાવ્યું કે સોમવારે સવારે મુકેશ અંબાણીને તેમની કંપનીના મેઈલ આઈડી પર ઈ-મેઈલ મળ્યો હતો. જેમાં ૪૦૦ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી છે.

જો તેમની માંગણીઓ પૂરી કરવામાં નહીં આવે તો તેમને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે.

આ પહેલાં શુક્રવાર ૨૭ ઓક્ટોબરે સાંજે આ જ મેઈલ પર ૨૦ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી અને ૨૮ ઓક્ટોબર શનિવારના રોજ ૨૦૦ કરોડ રૂપિયાની ડિમાન્ડ કરવામાં આવી હતી. મેઈલમાં કહેવામાં આવ્યું હતું કે દેશના શ્રેષ્ઠ શૂટરો દ્વારા તેમને મારી નાખવામાં આવશે.

પોલીસના જણાવ્યા અનુસાર, તે જ સમાન એકાઉન્ટમાંથી મળેલા મેઈલમાં લખવામાં આવ્યું છે કે, 'અમારા ઈ-મેઈલનો કોઈ જવાબ મળ્યો નથી, તેથી હવે રકમ ૨૦૦ કરોડ રૂપિયા છે, જો આ નહીં મળે તો ડેથ વોરંટ પર હસ્તાક્ષર કર્યા હોવાનું ધ્યાનમાં રાખશો.'

આ પહેલાં ૨૭ ઓક્ટોબરે મોકલવામાં આવેલા પહેલા ધમકીભર્યા ઈ-મેઈલમાં લખ્યું હતું કે, 'જો તમે અમને ૨૦ કરોડ રૂપિયા નહીં આપો તો અમે તમને મારી નાખીશું, અમારી પાસે ભારતમાં શ્રેષ્ઠ શૂટર્સ છે'.

૨૭ ઓક્ટોબરે પહેલો ઈ-મેઈલ મળ્યા બાદ, મુકેશ અંબાણીના સુરક્ષા ઈન્ચાર્જની ફરિયાદના આધારે, ગામદેવી પોલીસે આઈપીસીની કલમ ૩૮૭ અને ૫૦૬ (૨) હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે.

Maruti Motors Authorised
Service Center
Since 1988
Caring for Customers

જૂનાગઢ માં 35 વર્ષ થી કાર્યરત અને
36 માં વર્ષ માં મંગળ પ્રવેશ
☑ Accident Work
☑ Paid/Free Service
☑ Wheel Alignment/Balancing
☑ Running Repair
☑ & All types of Repairing Works
☑ Cashless Claim Available
Labour Charge Upper 20 % Discount
Yearly Service Contract
Petrol Vehicle Rs.5000 Diesal Vehical Rs.7000
Include
☑ 3 Time General Service ☑ + Free Washing
☑ 3 Time Wheel Alignment ☑ 10 Lakh Personal
☑ 3 Times Wheel Balancing Accidental Insurance
સરનામું : મારૂતિ મોટર્સ : જી.આઇ.ડી.સી.-૧, રાજકોટ રોડ, દોલતપરા, જૂનાગઢ.
Manage By
Maheshbhai Parakhiya Mo. 90998 49888
Free Car Pickup & Drop Service

## હાઈકોર્ટનાં આદેશ છતાં અમદાવાદમાં ગત મોડીરાત્રે કોર્પોરેશનની ઢોર પકડ ટીમ પર હુમલો : મહિલા સહિત ૮ સામે રાયોટીંગનો ગુનો

અમદાવાદ તા.૩૧

ગુજરાત હાઈકોર્ટના કડક આદેશ બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ દ્વારા રખડતાં ઢોર પકડવાની કામગીરી સઘન કરવામાં આવી છે. ગત મોડી રાત્રે મ્યુનિસિપલ કોર્પોરેશનની ઢોર પકડવાની ટીમ સરખેજના મકરબા ગામમાં પ્રાથમિક સ્કૂલ પાસે પહોંચી ત્યારે પાંચથી ૬ ગાયો રોડ પર બેઠેલી જોવા મળી હતી. જેથી મ્યુનિ.ની ટીમ ગાયોને ટ્રેક્ટરમાં ભરીને લઈને જતી હતી. તે દરમિયાનમાં પાંચથી ૬ મહિલા અને પુરુષો લાકડીઓ સાથે ધસી આવ્યાં હતાં અને ઢોર પાર્ટી ટીમ ઉપર હુમલો કરી દીધો હતો. ઢોર પકડનારા બેથી ત્રણ મજૂરોને માર મારવામાં આવ્યો હતો. આ મામલે સરખેજ પોલીસ સ્ટેશનમાં મહિલાઓ સહિત આઠ લોકો સામે રાયોટિંગ અને મારામારીનો ગુનો નોંધવામાં આવ્યો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા પકડેલી પાંચમાંથી ત્રણ ગાયો તેઓ છોડાવવામાં સફળ રહ્યાં હતાં. લાકડીઓ વડે તેઓએ કોર્પોરેશન અને ઢોર પકડનાર મજૂરોને ઝપાઝપી કરી નીચે પાડી દીધા હતા. મહિલાઓએ રોડ ઉપર પડેલા પથ્થરો લઈ અને ટીમ ઉપર ફેંક્યા હતા. હુમલો કરનારાઓમાંથી એક શખસને પોલીસની મદદથી પકડી લેવામાં આવ્યો હતો. પોલીસની હાજરીમાં જ સાતથી આઠ લોકો લાકડીઓ અને પથ્થરો વડે હુમલો કરતા મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા તેને પકડી સરખેજ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. હુમલો કરનાર શખ્સનું નામ શૈલેષ ભરવાડ હોવાનું જણાવ્યું હતું. તેણે તેના પરિવાર સાથે મળી અને પોલીસ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ ઉપર હુમલો કર્યો હતો. સરખેજ ઈન્દિરા નગરના ભરવાડ વાસમાં રહેતી ચાર મહિલાઓ સહિત આઠ લોકો સામે સરખેજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

તાત્કાલિક ભાડે જોઈએ છે
વંથલી રોડ પર ૫૦૦વાર પ્લોટ અથવા શોરૂમ અને સરકારી કર્મચારીઓ માટે ફ્લેટ ડુપ્લેક્ષ બંગલો ફર્નિચર વાળો
બોકર દાસાણી
૯૪૨૬૬ ૨૮૧૨૧

## વિશ્વનાં સૌથી વધુ પ્રદુષીત ૧૦ શહેરોમાં ભારતનાં ત્રણ શહેરો

નવી દિલ્હી તા. ૩૧ : વિશ્વના સૌથી પ્રદુષિત ૧૦ શહેરોમાં ભારતના ત્રણ મહાનગરોનો સમાવેશ થાય છે. દિલ્હી તો પ્રદુષણ માટે બદનામ થઈ જ ગયુ છે અને તેથી તે ચોથા સ્થાને છે તો મુંબઈ સાતમા અને કોલકતા ૧૦માં સ્થાને સૌથી પ્રદુષીત મહાનગર તરીકે જાહેર થયા છે. આ યાદીમાં પાકિસ્તાનનું લાહોર પ્રથમ ક્રમે છે અને કરાચી ૧૧માં સ્થાને છે. ચીનનું પાટનગર બૈજીંગ નંબર ત્રણ પર છે પણ મુંબઈમાં વધતુ પ્રદુષણ એ ચિંતા સર્જે તેવી સ્થિતિ છે.

## હવે કેજરીવાલનો વારો : શરાબ કાંડમાં ઈડીએ સમન્સ મોકલાવ્યું

નવી દિલ્હી તા. ૩૧

દિલ્હીમાં સર્જાયેલા કહેવાતા શરાબ કાંડમાં પુર્વ નાયબ મુખ્યમંત્રી તથા આમ આદમી પાર્ટીના નંબર-ટુ નેતા મનીષ સીસોદીયાનો છ-આઠ માસ લાંબો જેલવાસ નિશ્ચીત થતા હવે એન્ફોર્સમેન્ટ વિભાગે તોપનું નાળચુ 'આપ'ના સંયોજક તથા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તરફ ફેરવ્યુ છે કેજરીવાલનાં શરાબ કાંડ મામલે તા.૨ નવેમ્બરે હાજર થવા સમન્સ પાઠવતા આમ આદમી પાર્ટી હવે તેના કાનુની વિકલ્પ ચકાસી રહી છે. શરાબ કાંડમાં સિસોદીયા ઉપરાંત સાંસદ સંજયસિંહ જેલમાં છે. ઈડીએ હવે શરાબ કાંડના નાણાથી આમ આદમી પાર્ટી પણ 'લાભાર્થી' છે તેવા તર્ક સાથે તપાસ આગળ વધારી છે અને 'આપ'ના સંયોજક (સર્વોચ્ચ વડા) તરીકે અરવિંદ કેજરીવાલને સમન્સ પાઠવ્યુ છે. અગાઉ સુપ્રીમ કોર્ટમાં એવો તર્ક રજૂ કરાયો કે શરાબ કાંડમાં જે જંગી ભ્રષ્ટાચાર થયે તેના નાણાથી આમ આદમી પાર્ટીએ ગોવા વિધાનસભાની ચૂંટણી લડી હતી.

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨
જૂનાગઢ

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG - LPG
રી-ટેસ્ટીંગ
CNG ફીટીંગ સેન્ટર
યશ ઓટો ગેસ
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી,
LPG પંપની પાછળ, જૂનાગઢ

PLOT FOR URGENT SALE
Best Plot
For Banglow or Flats
જૂનાગઢ, લક્ષ્મીનગરમાં ૩૦૦+ વારનો પ્લોટ
દલાલો આવકાર્ય
કસમાં વેચવાનો છે
મો. ૮૧૬૦૪ ૬૮૧૯૨

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેક્ટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેશનથી નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
➯ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
➯ ફિંગર વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
➯ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
➯ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# ગરવા ગિરનારની લીલી પરિક્રમાના આયોજન માટે આવતીકાલે મહત્વની બેઠક



## ભાવિકોની સુવિધા, રસ્તા, પાણી, લાઈટ સહિતના પ્રશ્નો તેમજ સલામતી સહિતના પ્રશ્ને લેવાશે નિર્ણય


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ફરતે ૩૬ કિલોમીટરની લીલી પરિક્રમા દર વર્ષે યોજાય છે અને આ પરિક્રમામાં ૧૦ લાખ કરતા પણ વધારે ભાવિકો સેવાનું પુનિત ભાથું બાંધવા ઉમટી પડે છે. ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ રચાય છે અને જંગલમાં મંગલ જેવું વાતાવરણ સર્જાય છે. દેવદિવાળીના દિવસથી લીલી પરિક્રમાનો પ્રારંભ થાય છે ત્યારે આ વર્ષે પણ આગામી લીલી પરિક્રમાના આયોજન માટે આવતીકાલે એક મહત્વની બેઠક કલેકટર કચેરી ખાતે યોજવામાં આવી રહીછે. ટુંક સમયમાં ગિરનારની લીલી પરિક્રમા યોજાવાની છે. લીલી પરિક્રમાના આયોજ માટે તા.૧ના રોજ કલેકટર કચેરી ખાતે સંબંધિત અધિકારીઓની બેઠક બોલાવવામાં આવી છે. ગિરનારની પરિક્રમામાં લાખો યાત્રિકો આવતા હોવાથી સરકારના અલગ-અલગ વિભાગ દ્વારા પરિક્રમા રૂટ ઉપર તૈયારીઓ કરવામાં આવે છે. અલગ-અલગ વિભાગ દ્વારા પરિક્રમાની શું તૈયારી કરવામાં આવી તે અંગે કલેકટર દ્વારા ઉચ્ચ અધિકારીઓ પાસેથી રિવ્યુ લેવાની બેઠકનું આયોજન કરાયું છે.

ગિરનારની લીલી પરિક્રમા દરમ્યાન લાખો યાત્રિકો પુણ્યનું ભાથું બાંધવા આવે છે. ગિરનારની ફરતી તરફ ૩૬ કિલોમીટર જંગલના એરિયામાં પરિક્રમા યોજાય છે. ત્યાં વન્યપ્રાણીઓનો વસવાટ હોવાથી યાત્રિકોને રક્ષણ આપવું, જંગલને પ્રદુષિત થતું અટકાવવાના પ્રયાસો, કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેનું આયોજન, પરિક્રમા કરવા આવતા યાત્રિકો માટે મેડિકલ ઈમરજન્સીની વ્યવસ્થા, સેવાભાવી સંસ્થાઓ દ્વારા પરિક્રમા રૂટ ઉપર શરૂ કરવામા આવતા અન્નક્ષેત્રની વ્યવસ્થા સહિતના અનેક આયોજન દર વર્ષે અગાઉથી કરવામાં આવે છે. તા.૨૩થી ૨૭ નવેમ્બર દરમ્યાન પરિક્રમા યોજાવાની છે. તે પુર્વે સરકારના તમામ વિભાગો સાથે સંકલન કરી પરિક્રમાનું સુચારૂ આયોજન માટે દર વર્ષે કલેકટર કચેરી ખાતે અધિકારીઓ, પદાધિકારીઓ, પરિક્રમા સાથે જોડાયેલા આગેવાનોની બેઠક યોજાય છે. તેવી રીતે આ વર્ષે પરિક્રમાના આયોજનને લઈ કલેકટર દ્વારા તંત્રના ઉચ્ચ અધિકારીઓની બેઠક તા.૧-૧૧-૨૦૨૩ના કલેકટર કચેરી ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે બોલાવવામાં આવી છે. આ બેઠકમાં તંત્ર દ્વારા આયોજન થઈ ગયા બાદ બીજી બેઠક બોલાવવામાં આવશે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ભાવપુર્વક ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈપટેલની આજ તા.૩૧ ઓકટોબરના રોજ જન્મજયંતિની ભાવભેર, શ્રધ્ધાભેર ઉજવણી જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં અને દેશભરમાં કરવામાં આવી રહી છે અને અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. દેશની આઝાદી અપાવવામાં મહત્વનું યોગદાન આપનારા ભારત માતાના વીર સપુતો અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું પણ ઋણ ભારતવાસીઓ માટે મહત્વનું રહ્યું છે. ભારત દેશ આઝાદ થવાની ક્ષણે સમગ્ર દેશને એક સુત્રતાએ બાંધવા માટે તેમજ અખંડ ભારતના ઘડવૈયા એવા સરદાર વલ્લભભાઈ પટેલ કે જેને લોખંડી પુરૂષ તરીકે ઓળખવામાં આવે છે. આવું વિરાટ વ્યકિતવ્ય ધરાવતા સરદાર સાહેબની કુનેહભરી કામગીરીને કારણે અનેક પ્રશ્નો અને ગુંચવાયેલા કોકડાનું નિરાકરણ આવ્યું હતું. ૨૦૨ રજવાડાઓના વિલીનીકરણનો પેચીદો પ્રશ્ન પણ સરદાર સાહેબની કુનેહભરી કામગીરીના કારણે શકય બન્યું હતું. આ ઉપરાંત જૂનાગઢના મુકિત સગ્રામમાં પણ સરદાર સાહેબનું મહત્વનું યોગદાન રહ્યું હતું. સમગ્ર ભારતને એક દેશ એક નારો અને એક સુત્રતાથી બાંધી આપનારા અને ભારતની એકતા અને અખંડીતતાના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલના આપણે કાયમી ઋણી છીએ. આજે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પ્રસંગે આજે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં અનો દેશભરમાં અનેકવિધ કાર્યક્રમો સાથે સરદાર વલ્લભભાઈ પટેલની ભાવપુર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરમાં પણ વિવિધ સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓ, રાજકીય પક્ષો વિગેરે દ્વારા પણ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરની આટી પહેરાવી અને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા.

# ગિરનાર ગુરૂ દત્તાત્રેય શિખર કેસમાં સ્થળ ઉપર પંચનામુ, પુજારીના નિવેદન લેવાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

ગિરનાર ગુરૂ દત્તાત્રેય શિખર કેસમાં પોલીસે તપાસનો ધમધમાટ આગળ ધપાવી સમગ્ર મામલાના મૂળ સુધી પહોંચવા કમર કસી છે. ગિરનાર ઉપરના ગુરૂ દત્તાત્રેય શિખર ઉપર કરવામાં આવેલી ધમાલ અને પૂજારી દિપકબાપુને દર્શન કરતી વખતે ધક્કો મારી તેમજ ગુરૂ દત્તાત્રેય ભગવાનની ચરણ પાદુકાને નુકસાન કરવાના ઈરાદે ખુરશીનો ઘા કરી મૂર્તિ તોડવાની કોશિષ કરી હતી. તેમજ અશોભનીય વર્તન કરી 'ગિરનાર હમારા હૈ હમ લેકે રહેંગે' જેવા ઉશ્કેરણીજનક સૂત્રોચાર કરી પૂજારીને મારી નાખવાની ધમકી આપી વીડિયો ગત તા.૧ ઓકટોબરના રોજ થયેલ. વીડિયો અને ગિરનાર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી કૈલાશભાઈ સુરેશચંદ્રભાઈ પુરોહિતની ફરિયાદના આધારે ૨૭ ઓકટોબરની રાત્રે ભવનાથ પોલીસ સ્ટેશનમાં નામજોગ સુધીર સોહનલાલ બજ જૈન રહે. કોપરગાવ, સંગીતાબેન સુધીરભાઈ જૈન રહે. કોપરગાવ, રાજેશ જૈન રહે. જબલપુર, ખુશાલ જૈન રહે. ડુંગરપુર, રીચા જૈન રહે. જબેરા, સુમત જૈન-દિગંબર સમોસણ મંદિર ભવનાથ અને સંજયભાઈ-મેનેજર દિગંબર ધર્મશાળા ભવનાથ સહિત ૭ વ્યક્તિ વિગેરે કુલ ૨૦૦ લોકો સામે જુદી જુદી કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. દરમ્યાન તપાસનીશ સીપીઆઈ આર. એમ. વસાવાએ જણાવ્યું હતું કે, ફરિયાદી કૈલાશભાઈ પુરોહિતને ઉપસ્થિત થવા જણાવવામાં આવ્યું હતું. પરંતુ તેઓ નહિ આવતાં તેમને નિવેદન અને વીડિયો સંબંધી પુરાવા રજૂ કરવા ઉપરાંત આરોપીઓના પુરા નામ આપવા માટે જણાવવામાં આવ્યું છે.

# કેશોદ નજીકથી કારમાં બે શખ્સો દારૂ સાથે ઝડપાયા, ૨ નાસી ગયા


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૧

કેશોદ પોલીસ સ્ટેશનનો સ્ટાફ જેતપુર સોમનાથ કેશોદ બાયપાસ ખાતે કેવદ્રા ગામના પાટીયા પાસે વાહન ચેકીંગ દરમ્યાન રાત્રિના દોઢ વાગ્યાની આસપાસ જીજે-૦૫-જેએન-૬૮૯૧ નંબરની કાર પસાર થતાં પોલીસે કારને રોકીને તલાશી લેતા કારની વચ્ચેની સીટ ઉપરથી ઈંગ્લિશ દારૂની નાની મોટી ૧૭૦૦ બોટલ સાથેનો થેલો મળી આવ્યો હતો.પોલીસે કાર અને દારૂ મળી કુલ રૂપિયા ૨,૦૧,૭૦૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને આ સાથે કેશોદની મેઘના સોસાયટીમાં રહેતો લાલાભાઈ દિનેશભાઈ કુવાડીયા અને ગાંધીનગર સોસાયટીનો સાહિલ હુસેનવ્હાઈ દલની ધરપકડ કરી હતી. જ્યારે આ ઈસમોની સાથે કેશોદનાં ઉતાવળી નદી વિસ્તારમાં રહેતો નિલેશ ઉર્ફે લાલો સાગઠીયા અને રણજીત ઉર્ફે કાનો લખમણભાઈ પરમાર નામનાં શખ્સો નાસી જતા બંને વિરૂદ્ધ ગુનો નોંધીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ સંજરી સોશ્યલ ટ્રસ્ટ દ્વારા સમાજ સેવાના ઉદ્દેશ સાથે ૧૪ માં સમૂહ લગ્ન યોજાયા





જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ શહેરમાં સંજરી સોશ્યલ ટ્રસ્ટ દ્વારા ગત રવિવારે ફરઝાના હોલ ધારાગઢ દરવાજા જૂનાગઢ ખાતે વિશાળ જન સમુદાયની હાજરીમાં ૧૧ નવદંપતિઓનાં નિકાહ યોજવામા આવ્યા હતાં. આ તકે સંજરી સોશ્યલ ટ્રસ્ટના પ્રમુખ વહાબભાઈ કુરેશી, ઉપપ્રમુખ હનીફભાઈ રાજ સુમરા દ્વારા હિન્દુ મુસ્લિમ દાતાઓની સહાયના માધ્યમથી નવ દંપતીઓને ઘર વખરીની ૭૪ જેટલી જીવન જરૂરી ચીજ વસ્તુઓ ભેટમાં આપવામાં આવી હતી. આ તકે કોમી એકતા રાષ્ટ્રિય એકતા સમિતિના ઈબ્રાહિમ ભાઈ કુરેશી, બટુકભાઈ મકવાણા, જિશાન હાલેપોત્રા, રજાકભાઈ મહીડા, પરવેઝ બાપુ કાદરી, અમાન દુરવેશ, રઈસભાઈ મુલ્લાં. જાફરભાઈ બાસઠિયા એડવોકેટ ઉંમરભાઈ હાલેપોત્રા. હુસેનશા શાહમદાર, ઈમ્તિયાઝભાઈ કુરેશી, સોહેલ સિદ્દીકી વિગેરેએ હાજરી આપી હતી.

# જૂનાગઢમાં સૌપ્રથમ વખત ઈન્ડસ્ટ્રીઝ-એકેડેમિયા ડિનર મીટનું આયોજન : નાના-મોટા ઔદ્યોગિક એકમો નિ:શુલ્ક ભાગ લઈ શકશે

જૂનાગઢ તા.૩૧

જૂનાગઢમાં નોબલ યુનિવર્સિટી અને દ્રોણા ફાઉન્ડેશન દ્વારા આગામી ૦૪ નવેમ્બર, શનિવારે, સાંજે ૯:૦૦ કલાકે હોટલ ઈન્દ્રલોક ખાતે સૌપ્રથમ વખત ઈન્ડસ્ટ્રીઝ-એકેડેમિયા ડિનર મીટનું આયોજન થશે; જેમાં નાના-મોટા બીઝનેસ એકમો નિ:શુલ્ક ભાગ લઈ શકશે.

જૂનાગઢના વિકાસમાં શહેરમાં સ્થિત બીઝનેસનો પણ મહત્વનો ફાળો છે, ત્યારે આ એકમોને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો સહેલાઈથી મળી શકે ઍ માટે નોબલ યુનિવર્સિટી અને દ્રોણા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે જૂનાગઢમાં સૌપ્રથમ વખત ઈન્ડસ્ટ્રીઝ-એકેડેમિયા સમીટનું આયોજન થવા જઈ રહ્યું છે. આ કાર્યક્રમ નો મુખ્ય ઉદ્દેશ્ય જુદાજુદા એકમો અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો વચ્ચે કડી બનવાનો છે. જે આયોજનમાં જૂનાગઢ કે તેની આજુબાજુ સ્થિત બીઝનેસ ધારકો નિ:શુલ્ક ભાગ લઈને પોતાના એકમ માટે જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો વિશે જણાવી શકશે. આ તકે આયોજનકર્તા તે જરૂરિયાતને પૂર્ણ કરવા અને જે તે એકમના ભવિષ્યને ઉજ્જવળ કરવા પ્રયત્નશીલ બનશે.

નોબલ યુનિવર્સિટી અને દ્રોણા ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે . આ વર્ષે નવી શિક્ષણ નીતિ અનુસાર નો બી. વોક. (બેચલર ઓફ વોકેશન) કોર્ષ શરૂ કરાયો છે, જે અંતર્ગત વિદ્યાર્થી ભણતર ની સાથે સાથે ઑન ધ જોબ ટ્રેનિંગ મેળવે છે જેમાં વિવધ કંપનીઓ માં ઈન્ટર્નશિપ મેળવી વિદ્યાર્થીઓ અનુભવ મેળવે છે. આ ઉપરાંત નોબલ યુનિવર્સિટી માં ચાલતા અન્ય કોર્ષ જેવા કે એન્જિનિયરિંગ, એમ. બી. એ., બી. સી. એ., બી. ફાર્મ, વગેરે અભસક્રમો માં ભણતા વિદ્યાર્થીઓ ને પણ સારી કારકિર્દી ની તક મળી રહે, તેમજ વિવધ ઔદ્યોગિક એકમો ની જરૂરીયાતો અને વિદ્યાર્થી ઉમેદવારો વચ્ચે રહેલા તફાવત ને દૂર કરવા ના હેતુ થી આ સમિટ નું આયોજન થવા જઈ રહ્યું છે. આ તકે નોબલ યુનિવર્સિટી ના પ્રમુખ નીલેશ ધૂલેશિયા, ઉપપ્રમુખ ગિરીશ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટી વી.પી. ત્રિવેદી તેમજ સંસ્થા ના કો મેનેજિંગ ટ્રસ્ટી કે. ડી. પંડયા, સંસ્થા ના કુલપતિ ડૉ. એચ. એન. ખેર અને દ્રોણા ફાઉન્ડેશન ના ટ્રસ્ટી ડૉ. પ્રતિક જોશી દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવા માં આવેલ છે જે નોબલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો. જય તલાટીની યાદીમાં જણાવેલ છે.

ઓખા **GMB** પેસેન્જર જેટી એ શુલભ શૌચાલયમાં જતાં પહેલા સો વાર વિચારજો !

# ઓખા પેસેન્જર જેટી યાત્રિકો-મુસાફરો માટે અનેક સમસ્યાઓ અને હાડમારીઓનું કેન્દ્ર : છત ઉપર લટકે છે જોખમ





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩૧

ગુજરાત સરકારનાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને પર્યટન વિભાગ કરોડો રૂપીયા અનેક યોજનાઓ પાછળ યાત્રિકોને સવલતો અને સુવિધાઓ માટે ખર્ચ કરે છે પરંતુ જ્યાં સુધી છેવાડાનાં વિસ્તારનું સરકારી તંત્ર અને બાબુઓ નહીં સુધરે ત્યાં સુધી આ ખર્ચાઓ પાણીમાં ગરક જ થશે ! આવો જ એક કિસ્સો દેવભૂમિ દ્વારકાનાં ઓખા ખાતે આવેલ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ સંચાલિત પેસેન્જર જેટી પ્રકાશમાં આવ્યો. ઓખાથી બેટ-દ્વારકા જવા માટે બંને બાજુએ જીએમબી સંચાલિત ફેરી સર્વિસ બોટની જેટ્ટીઓ આવેલી છે. વર્ષોથી આ બંને જેટી અને ફરી સર્વિસ બોટનું સંચાલન ઓખા જીએમબી કરે છે. છેલ્લા કેટલાય સમયથી અહીથી મુસાફરો-યાત્રિકોની અનેક પ્રકારની સમસ્યાઓ મુસીબતોની ફરિયાદો આવે છે. આપ જ્યારે પણ બેટ જવા જેટી નાં પ્રવેશદ્વારમાં પ્રવેશ કરો ત્યારે શરૂઆત માં જ કચરો ગંદકી આપનું સ્વાગત કરશે. આગળ જતાં બંને બાજુ ફેરિયાની દુકાનોનું દબાણ આવશે. ચાલવા માટે રસ્તો છે તેટલી જ જગ્યા આ ફેરિયાઓ એ રોકેલી છે. તેનાથી આગળ જતાં સરકારી, **vip** અને લાગવગિયાઓનાં સ્કૂટર અને મોટર પાર્ક કરેલ જોવા મળશે. જે જગ્યા ઉપર દુકાનો લગાવીને ફેરિયાઓએ પાથરણા કર્યા છે તેની પાછળ ખૂબ ગંદકી કચરો પડેલો જોવા મળશે અને જો ભૂલ ચૂકે આપ સુલભ સૌચલાયનાં ઉપયોગ કરવાનું વિચાર્યું તો આપ કદાજ મોટી મુસીબતમાં ફસાઈ શકો ! કારણ કે ત્યાં અત્યંત દુર્ગંધ, કચરો અને ગંદકી આપ ને અકળાવી દેશે ! માની લ્યો કે તે આપ કદાજ તે સહન કરીને અંદર પ્રવેશ કરી ગયા તો નવી આફત આપને દેખાશે. શૌચાલયનું આખું બિલ્ડિંગ જર્જરિત છે ! પુરૂષ અને મહિલા બંને વિભાગની છતોમાંથી પોડા પડે છે ઉપરાંત પુરૂષ વિભાગનાં ભાગે અડધું બિલ્ડિંગ પડું પડું થઈ રહ્યું છે ! રૂા.૧૦ ઉઘરાવી લેવામાં આવે છે પણ અંદર પૂરતા પ્રમાણમાં લાઈટ પણ નથી. આવી હાલતમાં પણ આ સુલભ શૌચાલય યાત્રિકોની સેવામાં તંત્ર એ કાર્યરત રાખ્યું છે તે આશ્ચર્ય બાબત કહી શકાય ! જ્યારે આપ ટિકિટ બારીમાં લાઈનમાં ઊભીને ટિકિટ મેળવવા જાઓ તો આપને ઘણી મુસીબતોનો સામનો કરવો પડશે ! ટિકિટ બારીને ચારે કોરથી દ્વિચક્રી વાહનોએ ઘેરી લીધી હશે. ટ્રાફિક નિયમન કે કોઈ સુચારૂ વ્યવસ્થાનું આપને નામોનિશાન જોવા નહિ મળે ! આ અંગે ઓખા જીએમબી તંત્રની તપાસ કરતા જાણવા મળ્યું કે ત્યાં પૂરતો સ્ટાફ નથી ! શ્રીમાન મિશ્રા કરીને કોઈ પોર્ટ ઓફિસર હાલ ચાર્જમાં છે, ઉપરાંત ટ્રાફિક ઓફિસર, હેડ ક્લાર્ક અને અન્ય પદો ખાલી પડ્યા છે. કાર્યપાલક ઈજનેર શ્રીમાન પવાર પોરબંદરથી ચાર્જમાં અહી પણ ફરજ બજાવે છે.

# વેરાવળ : રૂા.૨૩ કરોડના લોન કૌભાંડમાં સંડોવાયેલ મહિલા આરોપીની જામીન અરજી નામંજુર

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૧

વેરાવળની એક્સિસ બેંકમાં ગોલ્ડ લોન વિભાગમાં એક જ સોનાના ઘરેણાઓ ઉપર અનેક વખતે લોન લઈ આશરે રૂા.૨૩ કરોડ જેવી માંતબર રકમનું કૌભાંડ આચરનાર ત્રણ આરોપીઓ પૈકીની મહિલા આરોપીની જામીન અરજી કોર્ટે ફગાવી દીધેલ છે.

આ કેસની વિગતો આપતા ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળા જણાવેલ કે, એકિસસ બેંકમાં ગોલ્ડ લોન વિભાગમાં કામ કરતા માનસિંગ ગઢીયા, વિપુલ રાઠોડ અને પીક્રી ખેમચંદાણીએ સાથે મળીને પૂર્વયોજીત કરોડો રૂપીયાનું કૌભાંડ કરતા વેરાવળ પોલીસે આઈપીસીની કલમ ૪૦૯, ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮ અને ૧૨૦બી મુજબ ગુન્હો નોંધી ત્રણેય કૌભાંડકરોની ધરપકડ કરેલ હતી.

આ કેસમાં મહિલા આરોપી પીક્રી ખેમચંદાણી એ વેરાવળ ડીસ્ટ્રીક કોર્ટમાં જામીન મેળવવા અરજી કરેલ જેમાં સરકાર પક્ષે આરોપી સામે ગંભીર પ્રકારના ગુન્હાનો આક્ષેપ છે તેમજ આરોપી આ ગુન્હામાં પ્રત્યક્ષ સંડોવાયેલા છે.

ગુન્હાની તપાસ નાજુક તબકકા છે તેવા સમયે આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી ન શકાય તેમજ આ પ્રકારના આર્થીક ગુન્હાને હળવાશથી ન લેવા જોઈએ. કારણ કે દેશના અર્થતંત્ર ઉપર અને સમાજ ઉપર પણ અસર થાય તેમજ લોકોના પૈસા બેંકમાંથી આ રીતે કૌંભાડ આચરી મેળવેલ હોય તેવા સંજોગોમાં આરોપી મહિલા હોય તો પણ જામીન મુકત ન કરી શકાય તેવો પ્રથમ દર્શનીય કેસ હોવાની જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ દલીલો કરેલ જેને માન્ય રાખી બીજા એડીશ્નલ સેશન્સ જજ શ્રી કીર્તી જે. દરજી એ મહિલા આરોપી પીન્કી મુલચંદ ખેમચંદાણીની રેગ્યુલર જામીન અરજી ફગાવી દેતો હુકમ કરેલ હોવાનું જણાવેલ છે.

# માંગરોળ વાઘેશ્વરી મંદિર ખાતે શરદપુર્ણીમા નિમીતે ગરબાનો કાર્યક્રમ યોજાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૧

માંગરોળ ખાતે શ્રીમાળી સોની સમાજ દ્વારા શ્રી વાઘેશ્વરી માતાજીના પૌરાણિક લગભગ ૭૦૦ વર્ષ જુના મંદિર ખાતે નવરાત્રીની ઉજવણી બાદ શરદ પૂનમ નિમીતે ગરબા હરિફાઈ અને શરદ પૂનમની ઉત્સાહ પુર્વક ઉજવણી કરાઈ હતી. જેમાં લગભગ ૮૦ જેટલી મહિલાઓએ ભાગ લીધેલ હતો.



જેમાં દરેક સ્પર્ધકને ઈનામ અપાયા હતા અને સ્પર્ધાને અંતે દુધ-પૌવાનો પ્રસાદ સાથે જલેબી-ગાંઠીયાનો નાસ્તો કરાવવવામાં આવેલ તેમ પ્રમુખ પંકજ રાજપરાએ જણાવેલ હતું.

### :: અવસાન નોંધ ::

વેરાવળ : પ્રભાસ પાટણ (સોમનાથ) નિવાસી સ્વ.નારણદાસ રણછોડદાસ રાયઠ્ઠા ના ધર્મપત્ની મુકતાબેન ઉ.વ.૯૫ તે જેઠાલાલ, વિજયભાઈ, નયનાબેન રજનીકાંત અભાણી (વેરાવળ), સ્વ.નિરૂબેનના માતૃશ્રી, સ્વ.જેન્તીલાલ ધરમશીભાઈ રાયઠ્ઠા ના કાકી, સ્વેતા, ભુમિ, બીના, બ્રિજેશ દીયાબેનના દાદીમા, સ્વ.છગનલાલ પ્રધાનભાઈ સુચકના સુપુત્રી, દુર્લભભાઈ, ધીરૂભાઈ, શાંતિભાઈના બહેન, રજનીકાંત કરશનદાસ અભાણીના સાસુનું તા.૩૦ ના અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણુ તથા પિયર પક્ષની સાદડી તા.૨-૧૧-૨૦૨૩ ગુરૂવારે બપોરે ૪ થી ૫ લોહાણા મહાજન વાડી-પ્રભાસ પાટણ ખાતે રાખવામાં આવેલ છે.

# આવતીકાલે કરવા ચોથ

બુધવારે કરવા ચોથ રોહિણી નક્ષત્રમાં ઉત્તમ ફળદાયી તા.૧-૧૧-૨૩ને બુધવારે આસો વદ-૪ના દિવસે કરવા ચોથ છે. આ દિવસે ચંદ્રમાં પોતાની ઉચ્ચ રાશિમાં છે. આથી આ વર્ષે કરવા ચોથનું વ્રત ઉત્તમ ફળદાયી રહેશે. પૂજાનો સમય સાંજે ૬:૨૨થી ૮:૩૦ છે. શુભ સમય આ વ્રત પરણેલી મહિલાઓ પોતાના પતિના દીર્ઘ આયુષ્યની કામના સાથે કરે છે. આ વ્રતમાં આખો દિવસ નકકડો ઉપવાસ કરવાનો હોય છે. આ દિવસે સાંજે ગણેશજી, મહાદેવ, પાર્વતીજી તથા કાર્તિકેયનું પૂજન કરવું સાથે ચંદ્રનું પૂજન કરવું.

**કઈ રીતે પૂજન કરવું**

એક બાજોઠ ઉપર લાલ વસ્ત્ર પાથરી તેના ઉપર થાળી રાખીને મૂર્તિ રાખવી. બધી મૂર્તિ ન હોય તો તેના બદલે સોપારીને નાડાછડી વીટીંને રાખવી, ત્યારબાદ તેનું પૂજન કરવું સાંજના સમયે પૂજન કર્યા બાદ કથા સાંભળવી આ પૂજન બ્રાહ્મણ પાસે પણ કરાવી શકાય અને ત્યારપછી ચંદ્ર ઉગે એટલે એક ચારણી લેવી તેમાં દિવો પ્રગટાવી અને ચંદ્રના દર્શન કરી અર્ધ્ય અર્પણ કરવું અને ત્યારબાદ ચારણીમાંથી પતિદેવનું મોઢું જોવું અને પતિદેવના હાથે જળ પીવું અને પતિદેવને ભોજન આપી પછી પોતે ભોજન કરવું સાસુ માતાજીને પગે લાગી એક લોટો અને તેમને નવા વસ્ત્ર ભેટમાં આપવા બ્રાહ્મણને દાન દક્ષિણા આપી સાસુ તથા પતિદેવના આશિર્વાદ લેવા.

**ચંદ્ર ઉદય સમય રાત્રે ૯ કલાકે**

આ પ્રમાણે ૧૨ વર્ષ અથવા ૧૬ વર્ષ સુધી આ વ્રત રહેવું. આજીવન પણ રહી શકાય વ્રતના ઉદ્યાપનમાં ૧૩ સુહાગી બહેનોને ભોજન કરાવવું. સાંજે પૂજાનો સમય સાંજે ૬:૨૨ થી ૮:૩૦નો છે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

# ગેરકાયદે સિંહ દર્શન અટકાવવા માટે પેટ્રોલિંગ સાથે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે : વન વિભાગ અને પોલીસ સંયુક્ત રીતે કરશે કામ

## સાસણ ગીર ખાતે વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલની જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાની જોઈન્ટ મીટ યોજાઈ





જૂનાગઢ, તા.૩૧

સાસણ સિંહ સદન ખાતે વન્ય પ્રાણી સંબંધિ ગુન્હાઓ અટકાવવા તથા વન વિભાગ પોલીસ સહિતની જુદી -જુદી એજન્સીઓ વચ્ચે પરસ્પર સંકલન જળવાઈ રહે તે માટે વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલ જોઈન્ટ મીટ યોજાઈ હતી.

ગીર સોમનાથ જિલ્લાના જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાની અધ્યક્ષતામાં અને જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા તથા ગીર પશ્ચિમના નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમરની ઉપસ્થિતિમાં મળેલી આ બેઠકમાં દિવાળી પર્વ નજીકના દિવસોમાં આવી રહ્યું હોવાથી, આ સમય દરમિયાન સાસણ સહિતના સ્થળોએ સિંહ દર્શન માટે પ્રવાસીઓનો ભારે ધસારો રહે છે, ત્યારે વન વિભાગ અને પોલીસ દ્વારા ગેરકાયદે સિંહ દર્શન અટકાવવા માટે પેટ્રોલિંગ સાથે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ માટે જરૂરી સંકલન કરવામાં આવશે.

મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું કે, ગીર સાસણને વન્યપ્રાણી સંરક્ષણ માટે દેશના બીજા રાજ્યો એક મોડલ સ્વરૂપે જુએ છે. ત્યારે વાઈલ્ડ લાઈફ સંબંધી ક્રાઈમ નહીવત બને તે દિશામાં આગળ વધવું જોઈએ. ઉપરાંત ગેરકાયદે સિંહ દર્શન અટકાવવા માટે કડક સાથે કાર્યવાહી કરવા માટે પણ ભારપૂર્વક જણાવ્યું હતું. આ સાથે તેમણે વન્ય પ્રાણીઓ સામેના ગુન્હોઓ અટકાવવા જરૂરી આગોતરા પગલા લેવા, અન્ય એજન્સીઓ સાથે સંકલન વગેરે બાબતોએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

એસપી હર્ષદ મહેતાએ ગીરના સિંહ ગુજરાત તજ નહીં સમગ્ર રાષ્ટ્રની વિરાસત છે, ત્યારે તેના સંવર્ધન સંરક્ષણમાં ઉણપ ન રહેવી જોઈએ. ખાસ કરીને વન્ય પ્રાણીઓ સબંધી ગુન્હાઓ અટકાવવા માટે સતત પેટ્રોલિંગની સાથે ચેકિંગ હાથ ધરવા માટે કહ્યું હતું. પરપ્રાંતીય સહિતના શકમંદો ઉપર સતત નજર રાખવી જોઈએ. ઉપરાંત પોલીસ અને વન વિભાગ સાથે ગુનાઓ- ગુનેગારો સંબંધી માહિતી પરસ્પર સંકલનથી આદાન-પ્રદાન થતી રહે તે પણ જરૂરી ગણાવ્યું હતું.

નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમરે એસપી મનોહરસિંહ જાડેજા સૂચન મુજબ આ સેલની અસરકારકતા વધારવા માટેના સૂચનો આવકારતા અન્ય પ્રાણી સંબંધી ગુનાઓ અટકાવવા વન વિભાગ અને પોલીસનું સંયુક્ત પેટ્રોલિંગ, અન્ય રાજ્યોમાંથી આવતા શ્રમિકોનું રજીસ્ટ્રેશન, વન્ય પ્રાણી સંબંધી વસ્તુઓ વેચનાર સામે કડક કાર્યવાહી સંયુક્ત પ્રયાસોથી હાથ ધરવા. ઉપરાંત સામાન્ય રીતે વન્ય પ્રાણીઓના શિકાર માટે વપરાતી દેશી બંદૂક વગેરે મુદ્દા રજૂ કર્યા હતા. આ બેઠકમાં હોમ સ્ટેમા આવતા પ્રવાસીઓની યોગ્ય રીતે નોંધણી થાય તે માટે પણ જરૂરી ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રોબેશનરી IFS વિકાસ યાદવે પણ જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું. પ્રારંભમાં પ્રશાંત તોમરે શાબ્દિક સ્વાગત અને અંતે ટાસ્ક ફોર્સના ડીએફઓ દક્ષાબેન ભારાઈએ આભાર વિધિ કરી હતી. આ બેઠકમાં ગીર આસપાસના પોલીસના થાણા અધિકારી અને વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત અધિક્ષક ઈજનેર બી.ડી. પરમાર, માર્ગ અને મકાન વિભાગમાંથી વિવેક ગૌસ્વામી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સંઘ વિભાગની બે બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો બિનહરીફ થયા હતા

# ભેંસાણ માર્કેટિંગ યાર્ડની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલનો ભવ્ય વિજય

### ખેડૂત વિભાગમાં ૧૦ માંથી ૯ ઉમેદવારો અને વેપારી વિભાગમાં ૪ માંથી ૪ ઉમેદવારો ભાજપના ચૂંટાઈ આવ્યા



(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ, તા.૩૧

ભેસાણ માર્કેટિંગ યાર્ડની ચૂંટણીનું પરિણામ જાહેર થયું હતું. જેમાં કુલ ૧૬ બેઠકોમાંથી ૨બેઠકો અગાઉથી જ બિનહરીફ થયેલ હતી. જયારે ૧૪ બેઠકોની ચૂંટણી યોજાયેલ હતી જેમાં ૧૩ બેઠક ઉપર ભાજપ પ્રેરિત પેનલના ઉમેદવારો વિજેતા થયા હતા. તેમજ એક બેઠક ઉપર અપક્ષના ઉમેદવાર ચૂંટાઈ આવ્યા હતા.

જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ અને જિલ્લાના સહકારી નેતા કિરીટભાઈ પટેલના નેતૃત્વમાં યોજાયેલ ભેસાણ માર્કેટિંગ યાર્ડની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલના વિજય વાવટા ફરકીયા છે. સંઘ વિભાગની બે બેઠકો ઉપર નટુભાઈ પોકીયા અને વજુભાઈ મોવલીયા બિનહરીફ થયેલ હતા. જ્યારે ખેડૂત વિભાગ માંથી ભાજપના ઉમેદવારો બાબુભાઈ જોધાણી, મોહનભાઈ ડોબરીયા, દિનેશભાઈ ભુવા, રાજુભાઈ ભુવા, મનસુખભાઈ મોવલીયા, જસકુભાઈ શેખવા, નિલેશભાઈ સાવલિયા, મનસુખભાઈ બોરડ, બાબુભાઈ હિરપરા ચૂંટાઈ આવ્યા હતા. જયારે વશરામભાઈ માલવીયા અપક્ષ ઉમેદવાર તરીકે વિજેતા થયા હતા. તેમજ વેપારી વિભાગમાંથી ભાજપના ઉમેદવારો રામજીભાઈ ભેસાણીયા, સુરેશભાઈ વાંક, મુકેશભાઈ સતાસિયા અને વલ્લભભાઈ સાવલિયા વિજેતા જાહેર થયા હતા. આ તકે પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રિબડીયાએ ઉપસ્થિત રહ્યા હતા.

#### ત્રણ ટર્મથી સૌથી વધુ મતે વિજેતા યુવા ડિરેક્ટર

ભેંસાણ યાર્ડના પાયાના પથ્થર અને યાર્ડને ઊભું કરવામાં જેમણે પોતાની જાતને ઘસી નાખી હતી, એવા તત્કાલીન ચેરમેન અને સ્વર્ગીય ખેડૂત નેતા ધીરૂભાઈ ભુવાના પુત્ર રાજુભાઈ ભુવા સતત ત્રણ ટર્મ થી સૌથી વધુ મતે વિજેતા થાય છે.

#### યાર્ડના સત્તાધીશો વિધાનસભાની ચુંટણી વખતે ભાજપમાં જોડાયા હતા

ભેંસાણ માર્કેટિંગ યાર્ડની સ્થાપના વખતથી આ યાર્ડનો કબજો કોંગ્રેસ પાસે જ હતો. જોકે ગત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના સત્તાધિશો ભાજપમાં જોડાઈ જતા, યાર્ડ ભાજપનું બની ગયું હતું. અને આ વખતે હવે વિધિવત રીતે ભાજપનું શાસન આવી ગયું ગણી શકાય.

### જૂનાગઢ જીલ્લા જેલ અધિક્ષક દ્વારા સ્પષ્ટતા

# જેલમાં કેદીઓને આપવામાં આવતી મુલાકાત કે અન્ય નાણાંકીય બાબતોમાં કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી

જૂનાગઢ, તા.૩૧

કેદીઓને મળવાની ફી નામે ઓનલાઈન છેતરપિંડીની મોડેસ ઓપરેન્ડી એવા વિવિધ અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ થયા હતા. જે અંગે જૂનાગઢ જિલ્લા જેલ અધિક્ષક શ્રી દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે.

આ સ્પષ્ટતા મુજબ બહારના ભાગેથી કેદીઓને મળવાની ફી નામે ઓનલાઈન છેતરપિંડી કરી નવી મોડેસ ઓપરેન્ડી દ્વારા અજાણ્યા શખ્સે જૂનાગઢ જિલ્લા જેલના જેલર એચ.ઓ. વાળાના નામે રૂપિયા ૨૪૦૦૦ ઓનલાઈન માંગણી કરવા બાબતની ઉત્તમ દુધાત દ્વારા સાયબર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરવામાં આવેલ છે. જે ઓનલાઈન છેતરપિંડી માટે જેલમાં રહેલ કેદીઓ કે જેઓના સગા વહાલાઓ આવા ઓનલાઈન ફ્રોડથી બચી શકે તેમ જ કેદીઓમાં જાગૃતતા આવે તેવા ઉમદા હેતુસર તમામ કેદીઓને જેલમાં ભરવાની ફી કે અન્ય નાણાંકીય બાબતે ફોન આવે તો તેઓના સગા વહાલાઓને જેલમાં કેદીઓને આપવામાં આવતી મુલાકાત કે અન્ય કોઈપણ બાબતમાં કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી., તે પ્રકારની જાણ કરવામાં આવેલ છે. વધુમાં આ બાબતે તુરત જ સાયબર પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા જણાવવામાં આવેલ છે. ઉકત વિગતે બનેલ બનાવ સંબંધે કેદીઓની મુલાકાત કે નિયમ મુજબ કાચા આરોપી/ પાસા અટકાયતીઓને નિયમના દાયરામાં રહીને બહારના ભાગેથી ઘરનો ખોરાક મંગાવવાની પરવાનગી આપવામાં આવે છે. જે મુલાકાત કે ઘરના ખોરાક મંજૂર કરવા બાબતેની કોઈપણ પ્રકારની જૂનાગઢ જિલ્લા જેલ દ્વારા ફી લેવામાં આવતી નથી.

# ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા ઓપન ક્વિઝ સ્પર્ધા યોજાઈ

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૩૧

ભારત વિકાસ પરિષદ રાષ્ટ્રિય સ્તરે ૫૦૦ ઉપરાંત શાખા ધરાવતી બિન રાજકીય સંસ્થા છે જેનો ઉદ્દેશ્ય સંપર્ક, સહયોગ, સમર્પણ સંસ્કાર અને સેવા રહેલો છે નાગરીકોમાં સંસ્કારનું સિંચન થાય અને ભારતની સંસ્કૃતિ ની જાણકારી પ્રાપ્ત કરે તે હેતુથી ભારત વિકાસ પરિષદ કેશોદ શાખા દ્વારા પટેલ વિદ્યાર્થી ભવન ખાતે 'ભારત કો જાનો' ઓપન ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ મહેમાનોનું શબ્દોથી સ્વાગત પ્રમુખ મહાવીરસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં ૧૩૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમનો પ્રથમ લેખીત ટેસ્ટ રાખવામાં આવેલ અને જેમાંથી ૬ સ્પર્ધકોને મૌખિક ક્વીઝ માટે સિલેક્ટ કરવામાં આવ્યાં હતાં. જેમાં અલગ અલગ રાઉન્ડ દ્વારા પ્રશ્નોતરી કરવામાં આવી હતી આમાંથી કુલ ત્રણ વિજેતા થયા હતાં. પ્રથમ હીનાબેન ગજેરા, બીજા સ્થાને મેઘદત જાડેજા અને ત્રીજા સ્થાને મકવાણા ધારા વિજેતા થયા હતાં દરેક વિજેતાને ગિફ્ટ તથા પ્રમાણ પત્ર આપવા આવેલ હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન જીતેન્દ્રભાઈ ધોળકિયાએ કરેલ હતું અને આભાર વિધિ દીનેશભાઈ કાનાબાર દ્વારા કરવામાં આવેલ હતી.



# 'તુલસી ટીનનું રૂા. ૫૦'નું પેક પ્રિમિયમ ટી ના બજારમાં હલચલ મચાવશે

### ગુજરાતની પ્રિય ચા બ્રાન્ડ તુલસી ટીની નવી પ્રોડક્ટ સસ્તા પ્રીમિયમ ચાનો અનુભવ આપશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૧

ગુજરાતની લોકપ્રિય ટી બ્રાન્ડ, તુલસી ટી એ તેની નવી પ્રોડક્ટ "તુલસી ટી રૂા. ૫૦"ની રજૂઆતની જાહેરાત કરી છે, જે તેની અજોડ ગુણવત્તા અને પોસાય તેવા ભાવને કારણે ચા બજારમાં હલચલ પેદા કરશે. આ નવુ એસકેયુ તુલસી ટીના સમર્પણ અને અજેય કિંમતે શ્રેષ્ઠ ગુણવત્તા પ્રદાન કરે છે.

"તુલસી ટી રૂા. ૫૦" પચાસની રૂા.ની કીંમતે પ્રીમિયમ ટીનો અનુભવ પૂરો પાડવાની અનોખી યોજનાને કારણે ચા બજારમાં હલચલ મચાવી દેશે. આ ઉપરાંત પોસાય તેવી કિંમતે ચા રજૂ કરવા છતાં ગુણવત્તાનું સર્વોચ્ચ ધારણ જાળવી રાખવાની આ પ્રકારની ઓફર બજારમાં અન્ય કોઈ રજૂ કરી શક્યુ નથી. તુલસી ટીના મેનેજીંગ ડિરેક્ટર હરેશ કથરોટીયા એ આ અંગે જણાવ્યું કે "તુલસી ટી ખાતે અમે અપેક્ષા કરતાં વધુ આપવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહયા છીએ. "તુલસી ટી રૂા. ૫૦" એ માત્ર પ્રોડકટ નથી પણ શ્રેષ્ઠતા, સર્જનાત્મકતા અને અમારા મૂલ્યવાન ગ્રાહકોની ખુશી માટેના અમારા સમર્પણનું પ્રતીક છે. અમે "તુલસી ટી રૂા. ૫૦" દ્વારા ઉદ્યોગનાં ધોરણોને પડકાર આપી રહ્યા છીએ, નવ ધોરણ સ્થાપવાની સાથે સાથે ગ્રાહકોની અપેક્ષામાં પણ વધારો કરી રહ્યા છીએ. દરેક વ્યક્તિ ચા માણી શકે તેવી કિંમતે પ્રીમિયમ ટી




ઓફર કરવાનુ અમને ગૌરવ છે"

ગ્રાહકોને એક વધારાના બોનસ તરીકે અમે ૧૨૫ ગ્રામ ની કિંમતે "તુલસી ટી રૂા. ૫૦" માં અમે ૨૫ ગ્રામના વધારે સાથે ૧૫૦ ગ્રામનું પેકેટ આપી રહ્યા છીએ. "તુલસી ટી રૂા. ૫૦" લોન્ચ કરવી એ તુલસી ટી માટે અજોડ ગુણવત્તા, પોષણક્ષમતા, બજાર નેતૃત્વ, નવીનતા અને ગ્રાહક સંતોષ પ્રત્યેના સમર્પણનું નિદર્શન કરીને અન્ય ચા કંપનીઓ કરતા અલગ રહેવાની એક મૂર્ત રીત છે.

# વેરાવળ : ચેક રીર્ટન કેસમાં શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૧

મચ્છીની ખરીદીમાં સીકયુરીટી પેટે કોરો ચેક આપેલ હોય જેનો દુરઉપયોગ કરી ચેક રીર્ટન થયેલ હોવાનો કેસ વેરાવળ કોર્ટમાં દાખલ થયેલ જે કેસમાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસની વિગતો આપતા એડવોકેટ પ્રવિણભાઈ ડાંગોદરાએ જણાવેલ કે, વેરાવળમાં રહેતા મનસુખભાઈ જાદવભાઈ થાવર એ દેવજીભાઈ નારણભાઈ ફોફંડી પાસેથી મચ્છી ખરીદ કરેલ હોય જે મચ્છી ખરાબ હોવાથી ખરાબ મચ્છી પરત લઈ અને ફ્રેશ ફીશ આપવાનું કહેતા દેવજીભાઈ નારણભાઈ ફોંફડી પાસે મનસુખભાઈ થાવરની પેઢીનો સીકયુરીટી પેટેનો કોરો ચેક હોય તેનો દુરઉપયોગ કરી અને ચેક બેંકમાંથી રીર્ટન કરાવી મનસુખભાઈ જાદવભાઈ થાવર વિરૂધ્ધ નેગો. ઈન્સ્ટ્રૂ. એકટની કલમ-૧૩૮ તથા ૧૪૨ મુજબ વેરાવળ એડી.ચીફ જયુડી.મેજી.ની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ જેમાં એડવોકેટ પ્રવિણચંદ્ર એમ. ડાંગોદા, દિલીપભાઈ આર. વ્યાસ, તથા ધર્મેન્દ્રભાઈ(ધવલ) પી. ચાવડાએ સત્ય હકિકત કોર્ટ સમક્ષ પુરાવાથી રેકર્ડ ઉપર લાવી અને દલીલો કરી સુપ્રીમ કોર્ટનાં તથા હાઈકોર્ટસનાં ચુકાદાઓ રજુ કરેલ જે હકિકતો, પુરાવાઓને ધ્યાને લીધેલ અને ફરીયાદી પોતાનો કેસ નિશંક પણે સાબીત કરી શકેલ ન હોય આથી એડી.ચિફ જયુડી. મેજીસ્ટ્રેટ જયશ્રીબેન એસ. સુતરીયાએ આરોપી મનસુખભાઈ જાદવભાઈ થાવરને તા.૨૬-૧૦-૨૦૨૩નાં રોજ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# વેરાવળ : માનહાની ભંગ કેસમાં રૂા.૫ લાખ વ્યાજ સહિત ચુકવવા આદેશ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૧

વેરાવળમાં આજથી ૧૪ વર્ષ પહેલા ફીશ ઉધોગપતિના વહાણમાં ગેરકાયદેર પ્રવૃતિ થતી હોવાની અરજી કલેકટર તથા પોલીસ થયેલ જેમાં તપાસના અંતે કોઇ ગુન્હાહીત કૃત્ય ન હોવાનું બહાર આવતા આ અરજી કરનાર સામે કોર્ટમાં માનહાનીનો દાવો કરેલ જે મંજૂર થતા ફીશ ઉધોગપતિને રૂા.પાંચ લાખ વળતર ચુકવવા કોર્ટ દ્વારા હુકમ થયેલ છે. આ કેસની વિગતો આપતા એડવોકેટ દિપકભાઇ ગંભીરે જણાવેલ કે, વેરાવળમાં રહેતા અને ફીશ ઉધોગના ધંધા સાથે સંકળાયેલા ફીશ ઉધોગપતિ જેઠાલાલ નાથાલાલ ગંડેરી સામે ગત તા.૨૦-૯-૨૦૧૦ના કલેકટર, ડી.આઈ.જી., ડી.એસ.પીને ઉદેશીને વહાણમાં ગેરકાયદેસર દાણચોરી તથા દુબઈથી ડીઝલ પેટ્રોલનો જથ્થો રાખવા તથા દેશદ્રોહી વિગેરે વિગતો ટાકી એક બોગસ અને ફરેબી ફરીયાદ અરજી કરેલ જેમાં જેઠાલાલ નાથાલાલ ગંડેરીની આબરૂ પ્રતિષ્ઠાને કલંક લગાડવા અને સમાજમાં ઉતારી પાડવાના ઈરાદા થી ગણેશ કાનજીભાઈ કોટીયા નામના વ્યકિતએ આ અરજી કરેલ અને તપાસના અંતે જેઠાલાલ નાથાલાલ ગંડેરી એ કોઈ ગુન્હાહીત કૃત્ય કે દાણચોરી કરેલ ન હોય અને તેઓની માનહાની થતા ગણેશ કાનજી કોટીયા સામે જેઠાલાલ નાથાલાલ ગંડેરી એ અપકૃત્યના કાયદા મુજબ રૂા.પાંચ લાખનું નુકશાન વળતર મેળવવા એડવોકેટ દિપક એસ.ગંભીર મારફત પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટમાં દાવો કરેલ જે દાવો ચાલતા એડવોકેટ દિપકભાઈ ગંભીર દ્વારા જરૂરી તમામ લેખીત તથા મૌખીક પુરાવાઓ રજુ કરેલ અને ધારદાર દલીલો કરેલ જેના અંતે પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટના જજ જયશ્રીબેન સુતરીયાએ પ્રતિવાદી ગણેશ કાનજી કોટીયાને રૂા.પાંચ લાખ પુરા દાવાની તારીખથી સાત ટકા વ્યાજ સાથે વાદી જેઠાલાલ ગંડેરીને વળતર ચુકવવા કોર્ટ દ્વારા હુકમ થયેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# સોશ્યલ મિડીયાનાં પ્રભાવ હેઠળ યુવાધન વાલીઓ માટે ચિંતાજનક

ભારતમાં પણ સોશ્યલ મીડિયાનો નશો યુવાઓના માથે ચડી જવા પર વારે-તહેવારે ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. તેને કારણે એક તરફ તેમની એકાગ્રતા ભંગ થાય છે, ત્યાં જ માનસિક સ્વાસ્થ્ય સાથે જોડાયેલ ચિંતાઓ પણ પરેશાન કરનારી છે. દેશમાં કેટલાય એવા કિસ્સા ચમક્યા છે જ્યારે આ લતથી રોકનારા વાલીઓ પર કિશોરો દ્વારા પ્રાણઘાતક હુમલા કરવામાં આવ્યા છે. અસલમાં સોશ્યલ મીડિયાના નશાને નિયંત્રિત કરવા અને મોટી ટેક કંપનીઓને જવાબદાર બનાવવાની માંગ ભારત સહિત આખી દુનિયામાં ઊઠી રહી છે. હવે સોશ્યલ મીડિયાના સ્ત્રોત અમેરિકાના ડઝનબંધ રાજ્યોએ યુવાઓના માનસિક સ્વાસ્થ્યને કથિત રૂપે નુકસાન પહોંચાડવાના આરોપ લગાવીને ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામની માલિકીની કંપની મેટા પર કેસો કરી દીધા છે. ફરિયાદકર્તાઓએ આરોપ લગાવ્યો છે કે એક નશાની લત રૂપે સોશ્યલ મીડિયાને પ્રોત્સાહિત કરીને મોટો નફો કમાનારી કંપનીઓ પોતાના સામાજિક દાયિત્વોથી બચી રહી છે. સાથે જ તડજોડની કોશિશોથી પોતાના મનસૂબાને વિસ્તાર આપી રહી છે. નિઃસંદેહ દુનિયાભરમાં વાલીઓ, શિક્ષકો, દેખભાળ કરનારા અને નીતિ નિર્માતા વર્ષોથી સોશ્યલ મીડિયાથી બાળકોને માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર પડનારા ઘાતક પ્રભાવો વિશે ચેતવતા રહ્યા છે. કેટલીય શોધના નિષ્કર્ષ એ છે કે સોશ્યલ મીડિયા પર લાંબો સમય વિતાવવાને કારણે કિશોરોમાં અવસાદ, ચિંતા, અનિદ્રા અને ખાનપાન સંબંધી વિકારો જોવા મળ્યા છે. જ્યારે મેટાના અધિકારીઓની દલીલ છે કે તેમણે કિશોરો અને પરિજનોને સુરિક્ષત સુવિધા પ્રદાન કરવા માટે કેટલાય કારગત વિકલ્પ રજૂ કર્યા છે. કાનૂની પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રહેવા દરમ્યાન યુવાઓ પર પડનારા પ્રભાવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આરોપ છે કે આ લતથી ટેવાયેલા યુવાઓમાં સંવેદનશીલતા ઓછી થઈ રહી છે. તેમનામાં આત્મબોધથી વિમુખ થવા અને કલ્યાણની ભાવના પ્રત્યે ઉદાસીન થવા જેવા ભાવ ઉપજે છે.

ઉલ્લેખનીય છેકે બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ પ્રભાવ પાડનારા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મો દ્વારા બેજવાબદાર વ્યવહારને કારણે કેટલીય નામચીન કંપનીઓ મેટા, ટિકટોક અને યુટ્યૂબ પર અમેરિકામાં પહેલાં જ સેંકડો કેસો ચાલી રહ્યા છે. પરંતુ હાલની પહેલ અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી છે. આ મામલે જો નિર્ણાયક ફેંસલો આવશે તો પરિણામો વૈશ્વિક પ્રભાવી હોઈ શકે છે. લાંબા સમયથી જરૂરિયાત અનુભવાઈ રહી છે કે આ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મો માટે નવી ઓનલાઈન સુરક્ષાત્મક જોગવાઈ કરવામાં આવે. વિશેષજ્ઞોનું મંતવ્ય છે કે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ લગાવવો ઓનલાઈન સુરક્ષાનો વિકલ્પ ન હોઈ શકે, તેને બદલે ડિજિટલ સાક્ષરતા અને ગોપનીયતા પર ભાર મૂકવો જોઈએ. દેખીતું છે કે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ લગાવવાના માતા-પિતાના પ્રયાસોનો બાળકો વિરોધ કરશે. તેમને મોડી રાત સુધી સોશ્યલ મીડિયા પર રહેવાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર પડનારા ઘાતક પ્રભાવો વિશે વાકેફ કરવા જોઈએ. અસલમાં આ વિશ્વવ્યાપી સંકટનાં કેટલાંય ઘાતક પરિણામો જોવા મળે છે, જે વાલીઓની ભારે ચિંતાનો વિષય છે. તેનું એક મુખ્ય કારણ તો એ છે કે બાળકો ઈન્ટરનેટ પર અશ્લીલ સામગ્રી સુધી આસાનીથી પહોંચી જાય છે. જેને કારણે સમાજમાં સગીરોમાં યૌન અપરાધોની વૃધ્ધિ ઘાતક સ્તરે વધી રહી છે. ત્યાં જ બીજી તરફ બાળકો પણ અપરાધિક તત્ત્વોની સતામણીનો શિકાર બની રહ્યાં છે. આ પ્રવૃત્તિને રોકવા માટે ઘર અને સ્કૂલમાં બાળકોને સોશ્યલ મીડિયાના કાળા પાસાથી વાકેફ કરાવવા જરૂરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

માનવ સમાજના હિતમાં કરેલ કાર્ય જ યજ્ઞ છે.
-ગુરૂદત્ત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૩ સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ જયંતિ તા.૩૧ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૧૫, રોહિણી નક્ષત્ર, વરિયાન યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૫૬, સૂ.અ.૬:૧૭
આજનો દિવસ સાધારણ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ [illegible]) -દક્ષેશી. વ્યાસ

મેષ : ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.
વૃષભ :મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ.
મિથુન :ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વડીલોથી વાણી ઘર્ષણ થાય.
કર્ક : મોસાળ પક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.
સિંહ : હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.
કન્યા : મહત્વના કાર્યો અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.
તુલા : જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.
વૃશ્ચિક :આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.
ધન : અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.
મકર : પ્રાવસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ : વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય.
મીન : આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.

# જૂનાગઢની પ્રજાનાં તહેવાર બગાડવા પાછળ કોણ જવાબદાર ?

જૂનાગઢ તા. ૩૧
જૂનાગઢ શહેરમાં જયાં જુઓ ત્યાં ખાડા ખોદવામાં આવેલ છે. અને જોષીપરા વિસ્તારમાં તો કયાંય એવી જગ્યા બાકી નહી હોય કે ત્યાં ખાડા ખોધ્યા ન હોય! હાલ તહેવારોની મોસમ આવી રહી છે ત્યારે જૂનાગઢની જનતા આવા રસ્તાઓથી ભારે પરેશાન છે.

જોષીપરા બેંક ઓફ ઈન્ડીયાની બાજુમાં રસ્તામાં ખાડા કર્યા બાદ રસ્તો સાફ કરવાની કોઈએ તસ્દી લીધી નથી અને રોડ ઉપર રીતસરનાં સીમેન્ટનાં બે પટ્ટા આવેલ છે અને આ પટ્ટા ઉપર ચાલો કે વાહન ચલાવો એટલે સમજો ગયા જમીન ઉપર! અહીં દરરોજ કેટલાય અકસ્માતનાં બનાવ બને છે. તેમજ બાજુમાં જ કન્યા છાત્રાલય આવેલી હોય સેંકડો વિદ્યાર્થીનીઓ આ રસ્તા ઉપરથી સાયકલ લઈને પસાર થાય છે. અને ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને છે. જયારે તહેવાર નજીક આવી રહયા છે ત્યારે જ પ્રજાની પીડામાં વધારો થવાની શકયતા છે. આ ગંભીર પ્રશ્ન પાછળ કોણ જવાબદાર છે? અને જે કોઈપણ જવાબદાર હોય તેમની સામે પગલા લેવાશે ખરા ? તેવું પ્રજામાંથી ચર્ચાઈ રહયું છે. સરદારપરા મેઈન રોડ ઉપર પણ ખોદેલા ખાડાઓને કારણે ધુળની ડમરી એટલી ઉડે છે કે આ રોડ ઉપર ધંધાર્થીઓએ ધંધો કરવો પણ મુશ્કેલ બનેલ છે. અને સરદારપરા રોડ ઉપર પણ પ્રાથમિક શાળા આવેલ હોય ત્યાં પણ હજારો બાળકો અભ્યાસ કરતાં હોય તેમને આ રસ્તા ઉપરથી ચાલવું પણ મુશ્કેલ બની જાય છે. આ તો ફકત જોષીપરાની વાત થઈ આવું તો જૂનાગઢ શહેરમાં અનેક વિસ્તારોની ફરીયાદો આવી રહી છે. પ્રજા ટેકસ ભરે છે, પરંતુ લોકોની સમસ્યાનો ઉકેલ આવતો નથી. આ રસ્તા ઉપરથી અનેક પદાધિકારીઓ અને અધિકારીઓ તેમજ આગેવાનો નીકળે છે તો શું તેમને લોકોની આ ગંભીર સમસ્યા નહી દેખાતી હોય! પ્રજા હવે તો ઉપરવાળા ભગવાન ભરોસે છે, નીચેવાળા ઉપર કેટલી આશા રાખવી???

# ચીન ખાતે એશિયન પેરા ગેમ્સમાં ૬ ગુજરાતી ખેલાડીઓએ ૯ મેડલ મેળવીને રાજયનું નામ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યુ

**પેરા એથ્લેટીકસ, પેરા ટેબલ ટેનીસ, પેરા બેડમિન્ટન, પેરા પાવરલીફટીંગ, પેરા ચેસ, પેરા સાયકલીંગ અને બ્લાઈન્ડ ફુટબોલ સહિતની રમતોમાં ગુજરાતના ૧૯ ખેલાડીઓએ દેશનું પ્રતિનિધિત્વ કર્યું**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૩૧
ચીનના હાંગઝોઉ ખાતે તા.૨૦-૧૦-૨૦૨૩ થી તા.૨૮-૧૦-૨૦૨૩ દરમ્યાન એશિયન પેરા ગેમ્સનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પેરા એથ્લેટીકસ, પેરા ટેબલ ટેનીસ, પેરા બેડમિન્ટન, પેરા પાવરલીફટીંગ, પેરા ચેસ, પેરા સાયકલીંગ અને બ્લાઈન્ડ ફુટબોલ રમતોમાં ગુજરાતના ૧૯ ખેલાડીઓએ દેશનું પ્રતિનિધિત્વ કરેલ છે. આ અગાઉ સાઉથ કોરીયા ખાતે યોજાયેલ એશિયન પેરા ગેમ્સ ૨૦૧૪ માં ગુજરાતના ૩ ખેલાડીઓ અને એશીયન પેરા ગેમ્સ ૨૦૧૮ માં ગુજરાતના ૦૯ ખેલાડીઓએ ભારતનું પ્રતિનિધિત્વ કરેલ હતુ. આમ, ઉત્તરોતર ગુજરાતના પેરા ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજય તથા રાષ્ટ્રનું નામ રોશન કર્યુ છે. ચીનના હાંગઝોઉ ખાતે યોજાયેલ એશિયન પેરા ગેમ્સમાં વિવિધ રમતોના ૬ ખેલાડીઓએ ૯ મેડલ મેળવીને રાજયનું નામ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યુ છે. જેમાં ભાવીનાબેન પટેલે પેરા ટેબલ ટેનીસમાં સીંગલ્સ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ, દર્પણ ઈનાનીએ ચેસ રમતમાં રેપીડ- સીંગલ્સ અને રેપીડ-ટીમ બંને ઈવેન્ટમાં ગોલ્ડ, હિંમાંશી રાઠીએ ચેસમાં સ્ટાડર્ડ-સીંગલ્સ અને સ્ટાડર્ડ-ટીમ એમ બંને ઈવેન્ટમાં બ્રોન્ઝ, નિમિષા સુરેશ સી. એ એથ્લેટીકસમાં લોંગ જમ્પ ઈવેન્ટમાં ગોલ્ડ, રચના પટેલે બેડમિન્ટન રમતમાં સીંગલ્સ ઈવેન્ટમાં બ્રોન્ઝ, અશ્વિન મકવાણાએ ચેસ રેપીડ-સીંગલ્સ ઈવેન્ટમાં બ્રોન્ઝ અને રેપીડ-ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ જીતીને રાજ્ય અને દેશનું નામ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યુ હતું. એશિયન પેરા ગેમ્સમાં ભાગ લેનારા અન્ય ખેલાડીઓમાં સોનલબેન પટેલ, જસવંત ચૌધરી, પારૂલબેન પરમાર, રામસીંગ પઢીયાર, અજીતકુમાર પંચાલ, રાકેશ ભટ્ટ, મિત પટેલ, જગદીશ પરમાર, ખોડાજી દાનાજી ઠાકોર, ભાવના અજબાજી ચૌધરી, રામુભાઈ બાંભવા, ગીતાબેન રાવ, વિષ્ણુભા તેજુભા વાઘેલા વગેરેએ પણ દેશનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

# જૂનાગઢના ૪ બાળકો રાજયકક્ષાની ક્રિકેટ ટીમમાં સિલેકટ થવા માટે કૌવત બતાવશે



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩૧
અમદાવાદ ખાતે શાળાકીય ક્રિકેટ ટીમનું રાજયકક્ષાની પસંદગી કરવામાં આવશે જેમાં જૂનાગઢના ૪ બાળકોનો સમાવેશ કરાયો છે. આ અંગે ક્રિકેટ હેડકોચ હનિફભાઈ કુરેશીએ વધુમાં જણાવ્યું છે કે, છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ સ્પોર્ટસ કલબના યુવક-યુવતિઓની રાજય અને યુનિવર્સિટી કક્ષાએ પસંદગી થઈ છે. તેવી સ્થિતિ વચ્ચે તા.૨૯ થી આગામી તા.૬ નવેમ્બર સુધી અમદાવાદના બોપલમાં અંડર ૧૪, ૧૭ અને ૧૯ના ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે. આ સીલેકશનમાં ભાગ લેવા જૂનાગઢમાંથી ઓહમ કારીયા, સોહમ કારીયા અને આદિત્ય ચાવડા(અંડર-૧૪) અને દક્ષ અઢીયા(અંડર-૧૭)માં અમદાવાદ ખાતે ક્રિકેટ રમવા ગયા છે. જયાં આ બાળકો પોતાનું કૌવન બતાવશે. રાજય કક્ષાની ક્રિકેટ ટીમમાં આ બાળકો પસંદગી પામે તે માટે જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબ પ્રમુખ અતુલ વ્યાસ, મંત્રી અલ્તાફભાઈ સીડા, ખજાનચી નથુભાઈ ઠાકર અને જયેશ કળથીયા વગેરે હોદ્દેદારોએ શુભેચ્છા આપી છે.

# વિસાવદરના સુખપુર ગામે સમાજ ભવનનું કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલનાં હસ્તે લોકાર્પણ

**વિકસિત સમાજના નિર્માણ માટે સંગઠિત બનવું, શિક્ષિત બનવું, સંઘર્ષ માટે તૈયારી દાખવવી અને સામાજિક કુરિવાજ અને બદીઓને ત્યજવા જોઈએ- કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ**







જૂનાગઢ, તા.૩૧
જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાની ઝાંઝેસરી નદીના તટ પર વસેલું ૫૦૦ની જનસંખ્યા ધરાવતું નાનકડુ એવું ગામ સુખપુર, અને આ ગામ સમાજ માટે માતૃશ્રી કુંવરબેન રામજીભાઈ રામાણી સમાજ ભવનના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત જન સમુદાયને સંબોધતા કૃષિ મંત્રીશ્રી અને જૂનાગઢ જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતુ કે સંપ અને સંગઠનથી નાનકડા સુખપુર ગામમાં મોટા ગામને છાજે તેવું પૂર્ણ સુવિધા યુક્ત સમાજ ભવનનું નિર્માણ થયું છે, તે એક પ્રેરણાદાયી બાબત છે. મંત્રીએ જણાવ્યું કે વિકસિત સમાજના નિર્માણ માટે સંગઠિત બનવું શિક્ષિત બનવું સંઘર્ષ માટે તૈયારી રાખવી અને સામાજિક રૂઢિઓ કુરિવાજોને ત્યજીને વિકાસ માટે સદૈવ અગ્રેસર રહેવું એ સાંપ્રત સમયની માંગ છે.શ્રી રાઘવજીભાઈએ પોતાની રાજકીય કારકિર્દી દરમિયાન વિસાવદર અને ભેંસાણ તાલુકાના જુના સ્મરણોને વાગોળી જણાવ્યું કે આજે સમય બદલાયો છે, અને રાજ્ય અને રાષ્ટ્ર વિકાસની દિશામાં તેજ ગતિએ આગળ વધી રહ્યા છે, ત્યારે આપણે સૌ સહિયારા ભાવ, સંપથી રાષ્ટ્રના ઉત્થાન માટે પ્રયત્નશીલ રહીએ અને આપણા ગામ આપણા શહેરને સ્વચ્છ રાખવા આપણે આપણું યોગદાન જોડીએ આ પ્રસંગે ઉપસ્થિત વિધાનસભાના નાયબ દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયાએ કુટુંબ વ્યવસ્થા અને સમાજ વ્યવસ્થાના સંતુલન માટે શિક્ષણ એક આવશ્યક હોવાનું જણાવી, ઉમેર્યુ કે સાંપ્રત સમયમાં યુવાનો ધંધા-રોજગાર અને નોકરી માટે ગામડા છોડીને શહેર તરફ પ્રયાણ કરી રહ્યા છે, ત્યારે ગામડા ભાંગી રહ્યાં છે, ગામડા માં માત્ર વડિલો રહે એવુ ઘણી વખત સમાચારોમા સાંભળીએ છીએ,ગામડાને જો બચાવવા હશે તો યુવાનોએ પોતાના શહેરી જીવનમાંથી વ્યસ્તતા વચ્ચે ગામડાઓમાં પોતાનો સમય અને શક્તિ અર્પણ કરવા આગળ આવવું પડશે, યુવાનોને ગામડાઓ બચાવવા ગામડાઓની પ્રવૃત્તિ અને ગામડાના વિકાસ માટે શહેરની સાથે સાથે પોતાની ફરજ પણ ન ભૂલવા અનુરોધ કર્યો હતો.

સરદાર ધામના સ્થાપક ગગજીભાઈ સુતરીયાએ પોતાના પ્રાસંગિક વકતવ્યમાં સંપ, સહકાર અને ચેતના થકી નાનકડા સુખપુર ગામે જે રીતે સમાજ ભવનનું નિર્માણ કર્યુ છે તે અન્ય ગામડાના શ્રેષ્ટીઓએ પ્રેરણા લઈ અને પોતાના વિસ્તારમાં આવું એક સંગઠિત માધ્યમ બને તે દિશામાં કાર્ય કરવા સૌને અપીલ કરી હતી. અને તેમણે સરદાર ધામની થતી પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કર્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે મંત્રીના હસ્તે માતૃશ્રી કુંવરબેન રામજીભાઈ રામાણી સમાજ ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રામાણી પરિવારના વડીલોનું પણ સાલ અને પુષ્પાહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને દીપ પ્રાગટ્યથી ખુલ્લો મૂકી મંત્રી રાઘવજીભાઈ પટેલ વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, વિસાવદર ભેસાણ મત વિસ્તારના ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણી, પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા, અમરેલીના કેળવણી કાર અને ઉદ્યોગપતિ વસંતભાઈ ગજેરા, જિલ્લા ભારતીય જનતા પક્ષના પ્રમુખશ્રી કિરીટભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ રામાણી, હર્ષદભાઈ રીબડીયા, કનુભાઈ ભાલાળા, લલિતભાઈ વસોયા, લલિતભાઈ કગથરા, સહિત મહાનુભાવોના હસ્તે સમાજ ભવનના નિર્માણ માટે યોગદાન આપનાર સમાજના દાતાઓનું શાલ અને મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેળવણીકાર જયંતીભાઈ ઠેસિયા, ખોડલધામના ટ્રસ્ટી ગિરીશભાઈ ગજેરા, અગ્રણી ઉદ્યોગપતિ સવજીભાઈ સાવલિયા, મહિલા અગ્રણી જ્યોતિબેન વાછાણી, વિસાવદર તાલુકા પંચાયતના સદસ્ય નીતિનભાઈ કપુરીયા, જિલ્લા પંચાયતના સદસ્ય વિરેન્દ્રભાઈ સાવલિયા, વિપુલભાઈ કાવાણી, ચંદ્રિકાબેન વાડોદરિયા,અગ્રણી હરિભાઈ રીબડીયા, ભરતભાઈ કોટડીયા, ભરત અમિપરા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત આમંત્રિત મહેમાનો અને ગ્રામજનોને ઉદ્યોગપતિ મનસુખભાઈ ડોબરીયાએ શાબ્દિક સ્વાગત કરી આવકાર્ય હતા, કાર્યક્રમના અંતે સુરતના ઉદ્યોગપતિ બીપીનભાઈ રામાણીએ આભાર દર્શન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો.પિયુષ વડાલીયા, વિઠ્ઠલભાઈ ભાલીયા સહિત ગામના યુવાનો અને કારોબારી સભ્યોએ રહેમત ઉઠાવી હતી.

# વેરાવળમાં વાઘેશ્વરી માતાજી મંદિરના આંગણે દાયકાઓથી યોજાતી પ્રાચીન ગરબીમાં વાસ્તવિક રીતે નવરાત્રીની સંસ્કૃતિની થાય છે ઉજવણી



(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૩૧
હાલના વર્ષોમાં પ્રાચીન ગરબીઓનું સ્થાન અર્વાચીન રાસોત્સવ લઈ રહ્યુ હોવાથી મોટાભાગની ગરબીઓ દર વર્ષે બંધ થઈ રહી છે. ત્યારે આ પ્રાચીન ગરબીની પરંપરાને જાળવવાની સાથે હિન્દુ સંસ્કૃતિનું જતન સાથે અનુભૂતિ કરાવતી એક ગરબી વેરાવળમાં માતાજીના સાનિધ્યમાં દાયકાઓથી યોજાઈ રહી છે. જે અંગે માહિતી આપતા ગરબીની સંચાલક અનુભાઈ સોની અને અરૂણભાઈ સોનીએ જણાવેલ કે, દાયકાઓ પહેલા આ બહારકોટમાં આવેલ પાંજરાપોળની બાજુમાં આવેલ વિસા શ્રીમાળી વાણીયા સોની જ્ઞાતિની માલિકીની જગ્યામાં આવેલ વાઘેશ્વરી માતાજીનાં ૧૭૫ વર્ષ જુનાં મંદિરનાં પટાંગણમાં માતાજીની સન્મુખ ગરબીનું આયોજન થતુ. તે વર્ષોમાં નવરાત્રીના પ્રથમ નોરતે શહેરની વિવિધ ગરબી મંડળનાં આયોજક ભાઈ-બહેનો દ્વારા વાઘેશ્વરી મંદિરે વાજતે ગાજતે ગરબો લેવા આવતા અને નવરાત્રીની પૂર્ણાહુતિ થયા બાદ આ ગરબો પુનઃ પધરાવી જતા હતા. આ પ્રણાલિને આજનાં સમયમાં પણ અમુક જુની ગરબીનાં આયોજકોએ જાળવી રાખી છે.

વધુમાં અગાઉનાં વર્ષોમાં આ ગરબી ફકત પુરૂષો દ્વારા લેવામાં આવતી અને નવરાત્રીનાં નવ નોરતા દરમ્યાન શહેરની તમામ સમાજની બહેનો સાંજના સમયે માતાજી સમક્ષ ગરબા લેવા આવતી હતી. ત્યારબાદ આશરે ૫૦ વર્ષ પહેલા આ ગરબી મંડળમાં બાળાઓની ગરબી યોજાતી જે પૂર્ણ થયા બાદ ભાઈઓએ દાંડીયા રાસ લેવાની શરૂઆત કરવામાં આવી હતી. આમ, સૌથી જુની શ્રી વાઘેશ્રવરી ગરબીના આયોજન થકી આપણાં ધાર્મિક વારસાને જાળવી રાખવાના હેતુ સાથે દર વર્ષે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

આ ગરબીમાં ફકત નાની બાળાઓ એટલે કે ૬ વર્ષથી ૧૨ વર્ષ સુધીની બાળાઓને જ આ ગરબી મંડળમાં પ્રવેશ આપવામાં આવે છે. બીજી ખાસીયત એ છે કે જે બાળાઓ ૬ વર્ષથી નાની હોય તેનાં માટે ખાસ ચકલા રાસનું આયોજન કરવામાં આવે છે અને આ નાની બાળાઓ જયારે માતાજી સમક્ષ નિર્દોષપણે રાસ લે છે ત્યારે સાક્ષત જગદંબા રાસ લેતા હોય તેવી અનુભૂતિ થાય છે આવી નાની બાળાઓને પણ નવરાત્રી દરમ્યાન રોજેરોજ વિવિધ લ્હાણીઓ આપવામાં આવે છે. આ વર્ષે ૧૫૦ જેટલી વિવિધ જ્ઞાતિઓની બાળાઓએ ગરબીમાં રાસ રમવા દરરોજ આવતી હતી. નવરાત્રીનાં છેલ્લા દિવસે બાળાઓને સોનાની ચુંક સહિત ગૃહઉપયોગી, શૈક્ષણિક રીતે ઉપયોગ થાય તેવી તેમજ અન્ય ખાવાપીવાની આશરે ૫૦ જેટલી વિવિધ વસ્તુઓની લ્હાણી ગરબી મંડળ તેમજ વિવિધ દાતાઓના સહકારથી આપવામાં આવેલ હતી.

# જૂનાગઢ કલેકટર કચેરી ખાતે રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લેવાયા



જૂનાગઢ, તા.૩૧ : સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી - ૩૧મી ઓક્ટોબર સમગ્ર દેશમાં ''રાષ્ટ્રીય એકતા દિવસ'' તરીકે ઉજવાય છે, ત્યારે જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે શપથ લેવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા અને અન્ય અધિકારીઓ અને કર્મચારીઓએ રાષ્ટ્રીય એકતા, અખંડિતતાનું રક્ષણ કરવા તથા તેના જતન માટે સ્વને સમર્પિત કરવા તથા દેશવાસીઓને આ માટે જાગૃત કરવા શપથ ગ્રહણ કર્યા હતા.

# મોંઘવારીનો વધુ એક ડામ : ડુંગળીના કિ.ગ્રા. દીઠ ભાવ રૂા.૧૦૦ નજીક પહોંચતા લોકો ત્રસ્ત

## ૩૦-૪૦ રૂપિયા કિ.ગ્રા. વેચાતી ડુંગળીના ભાવ છેલ્લા એક સપ્તાહમાં જ સદી નજીક પહોંચી જતાં વધુ એક વખત ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ

અમદાવાદ, તા.૩૧

શહેરમાં હવે ડુંગળીના ભાવ સામાન્ય વર્ગને રડાવે તે સ્થિતિએ પહોંચી ગયા છે. હાલ પાછલા ૧૦ દિવસની જ સરખામણી કરીએ તો ડુંગળીના ભાવમાં ધરખમ વધારો થઈ ગયો છે. ૧૦ દિવસ પહેલા જે ડુંગળી ૩૦-૪૦ રૂપિયા કિલો મળી રહી હતી તે હાલ ૬૦-૮૦ રૂપિયા કિલો મળી રહી છે. અમદાવાદની જ વાત કરીએ તો ડુંગળીની આવકમાં ધરખમ ઘટાડો થયો છે. જેના કારણે ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. ૧૦ દિવસ પહેલા ડુંગળીનો ભાવ ૧૫૦૦-૨૨૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતો. જ્યારે હાલ ડુંગળીનો ભાવ ૫૫૦૦-૬૮૦૦ રૂપિયા ચાલી રહ્યો છે. આમ માત્ર ટૂંકાગાળામાં જ ભાવમાં ૧૦૦ ટકાથી વધુનો વધારો જોવા મળી રહ્યો છે. ચોમાસાની સીઝનના છેલ્લા તબક્કામાં સરેરાશ કરતાં ઓછો વરસાદ પડતાં ડુંગળીના પાક ઉપર વિપરીત અસર થઈ હતી. તેમજ ડુંગળીનો પાક બગડતા આવક ઓછી પ્રાપ્ત થઈ છે. બીજી તરફ ડુંગળીની જરૂરિયાત મોટાભાગના દરેક રસોડામાં હોવાથી તેની માંગ યથાવત્ છે જેના કારણે ભાવમાં વધારો થયો છે. મોટાભાગે ગુજરાતમાં મહારાષ્ટ્રથી ડુંગળીની આવક થાય છે પરંતુ મહારાષ્ટ્રમાં પણ ડુંગળીનો પાક બગડી જતા ત્યાંથી પણ આવક ઓછી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં જૂન અને જુલાઈ મહિનામાં ખૂબ વરસાદ પડ્યો હતો. જો કે, છેલ્લા તબક્કામાં ઓછો વરસાદ નોંધાયો હતો. જેથી ડુંગળીના પાકને નુકસાન થયું છે. વરસાદને કારણે ડુંગળીના પાકને નુકસાન થતાં તેની આવક પણ ઘટી છે. સામાન્ય રીતે ગુજરાતમાં ડુંગળી સૌરાષ્ટ્રના જિલ્લાઓમાંથી પહોંચે છે. સૌરાષ્ટ્રના રાજકોટ, ગોંડલ, જામજોધપુર, ધોરાજીથી આવતી



ડુંગળીના પાકને નુકસાન થતાં આવકમાં ઘટાડો થયો છે. પરિણામે હાલ રસોડા સુધી જે ડુંગળી પહોંચી રહી છે તે મહારાષ્ટ્રના સાકરી, ધુલિયા, પિમ્પલનેર, નાસિક અને પૂણેથી ડુંગળીની આવક આવી રહી છે. આ સિવાય મધ્યપ્રદેશથી પણ ડુંગળી આવી રહી છે. પરિણામે ટ્રાન્સપોર્ટ અને અન્ય ખર્ચ વધતા તો તેની સીધી અસર ડુંગળીના ભાવ ઉપર પડી છે. પહેલા ટામેટાના ભાવ આસમાને પહોંચ્યા હતા. ટામેટા એટલા મોંઘા થઈ ગયા હતા કે, અનેક લોકોની થાળીમાંથી ગાયબ થઈ ગયા હતા. મોંઘા ટામેટા લેવાનું લોકો ટાળી રહ્યા હતા. હવે ડુંગળી મોંઘી થઈ રહી છે. એટલે કે ગૃહિણીઓ માટે રસોડાનું બજેટ મુશ્કેલ બની રહ્યું છે. ખાદ્ય પદાર્થમાં ભાવ વધારાની સીધી અસર સામાન્ય લોકો ઉપર પડતી હોય છે. એટલે જરૂરી વસ્તુના ભાવ વધવાથી ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે.

# ભાજપ ગેહલોત અને પાયલોટ સામે લડત આપવા માટે યોગ્ય ઉમેદવારોની શોધમાં છે

જયપુર, તા.૩૧

ભાજપે રાજસ્થાનમાં ૧૨૪ બેઠકો ઉપર ઉમેદવારોના નામ જાહેર કર્યા હોવા છતાં, તે હજી પણ મુખ્યમંત્રી અશોક ગેહલોત અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ સામે લાયક અને વિજેતા ઉમેદવારો શોધવા માટે સખત પ્રયાસ કરી રહી છે. આ ભગવા પાર્ટીને અશોક ગેહલોત માટે તેના હોમ ટર્ફ સરદારપુરામાં પડકારરૂપ નેતા શોધવા મુશ્કેલ છે, ત્યારે પોતાના ગઢ ટોંકમાં સચિન પાયલટ સામે લડવા માટે યોગ્ય ઉમેદવાર શોધવામાં સમાન પરિસ્થિતિનો સામનો કરી રહી છે. બીજેપીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભાજપ માટે અશોક ગેહલોત સૌથી મોટા પડકારોમાંથી એક છે. ભગવા પાર્ટી આ દાયકાઓ જૂના રાજકારણીનું વર્ચસ્વ ધરાવતી સીટ ઉપર મુખ્યમંત્રીને ટક્કર આપવા ખાસ વ્યૂહરચના અપનાવવા માંગે છે. તેમને એટલો મજબૂત ચહેરો ઉતારવાની જરૂર છે કે ઉમેદવાર માત્ર ગેહલોતને જ પડકારશે નહીં પરંતુ ત્યાંના રાજકીય સમીકરણને પણ બદલી નાખે. ભાજપનો ઉદ્દેશ્ય એ છે કે જો તેઓને પડકારવામાં આવશે, તો ગેહલોત તેમની બેઠક ઉપર વધુ અને રાજ્યભરમાં ચૂંટણી પ્રચાર ઉપર ઓછું ધ્યાન કેન્દ્રિત કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ હાઈકમાન્ડ જોધપુરના પૂર્વ રાજવી પરિવારના સંપર્કમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં જોધપુર પ્રવાસે ગયા હતા ત્યારે પૂર્વ રાજવી પરિવારના સભ્ય ગજસિંહે પણ તેમનું એરપોર્ટ ઉપર સ્વાગત કર્યું હતું. મોદી અને ગજસિંહ વચ્ચે ૧૫-૨૦ મિનિટ સુધી મુલાકાત થઈ હતી. માનવામાં આવી રહ્યું છે કે આ વિધાનસભા ચૂંટણીમાં મારવાડમાં ભાજપને સમર્થન આપવાની વાતો થઈ હતી. ભાજપ હાઈકમાન્ડ ઈચ્છે છે કે અગાઉના રાજવી પરિવારના કોઈ સભ્ય આ ચૂંટણીમાં જ રાજકારણમાં સક્રિય બને. જો કે, આ રાજવી પરિવારે હજુ સુધી આ અંગે કોઈ નિવેદન જારી કર્યું નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં, ભાજપે કેન્દ્રીય પ્રધાન ગજેન્દ્રસિંહ શેખાવત સાથે સરદારપુરા બેઠક ઉપરથી ચૂંટણી લડવા અંગે ચર્ચા કરી હતી, પરંતુ તે વ્યૂહરચના કામ કરી શકી ન હતી અને પાર્ટી ગેહલોત સામે લડવા માટે એક શક્તિશાળી નેતાની શોધ કરી રહી છે. આ સિવાય સચિન પાયલોટના કારણે કોંગ્રેસનો ગઢ ગણાતા ટોંકમાં ભાજપ હાલમાં કોઈ મજબૂત સ્થાનિક નેતા શોધી શકી નથી. બીજેપીએ આ વિસ્તારમાંથી લોકસભાના સાંસદ સુખબીરસિંહ જૌનાપુરિયાને પણ પાયલટ સામે ચૂંટણી લડાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વાત બહાર આવી ન હતી. હવે ટોંક સીટ માટે દક્ષિણ દિલ્હીના સાંસદ અને ગુર્જર નેતા રમેશ બિધુરીનું નામ ચર્ચામાં છે. જો કે, તે હજુ સુધી સ્પષ્ટ નથી કે તે રાજસ્થાનમાંથી ચૂંટણી લડશે કે કેમ. તે વારંવાર પાર્ટી માટે પૂર્વ રાજસ્થાનમાં પ્રચાર કરતા જોવા મળે છે. પૂર્વ ધારાસભ્ય અજીત મહેતાનું નામ પણ ચર્ચામાં છે. છેલ્લી ઘડીએ પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેની ટિકિટ તેમના નજીકના સહયોગી યુનુસ ખાનને આપવામાં આવી હતી. નોંધપાત્ર રીતે, ખાન એકમાત્ર મુસ્લિમ છે જેમને પાર્ટી દ્વારા ટિકિટ આપવામાં આવી હતી, જો કે તેઓ ચૂંટણી હારી ગયા હતા. આ વખતે, પાર્ટીએ કોઈપણ મુસ્લિમ ઉમેદવારને ટિકિટ આપી નથી, તેનું કારણ એ છે કે પાર્ટીનો મુખ્ય એજન્ડા હિંદુત્વ છે. દરમ્યાન આરએસએસની નજીક રહેલા મહેતા પણ છે. ટોંક અને સરદારપુરામાંથી કોણ ચૂંટણી લડશે તે ભાજપ માટે અત્યારે એક મોટો પ્રશ્ન છે.

# રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોતના પુત્રને FEMA કેસમાં EDનું સમન્સ

(એજન્સી) તા.૩૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ૨૬ ઓક્ટોબરે મુખ્યપ્રધાન અશોક ગેહલોતના પુત્ર વૈભવ ગેહલોતને વિદેશી હૂંડિયામણના ઉલ્લંઘનના કેસમાં સમન્સ પાઠવ્યા છે. શ્રી વૈભવ ગેહલોતને ૨૭ ઓક્ટોબરે નવી દિલ્હીમાં ફેડરલ એજન્સીના હેડક્વાર્ટર સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. જો કે, તે હાજર માટે નવી તારીખ માંગે તેવી અપેક્ષા છે કારણ કે, તેમને ED તપાસકર્તાઓને આપવા માટે ૨૦૧૧થી અત્યાર સુધીના દસ્તાવેજો એકત્ર કરવા સમયની જરૂર છે. આ સમન્સ રાજસ્થાન સ્થિત હોસ્પિટાલિટી ગ્રુપ ટ્રાઈટોન હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ પ્રા. લિ., વર્ધા એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટર અને પ્રમોટર્સ શિવ શંકર શર્મા, રતન કાંત શર્મા અને અન્યને પણ છે. એજન્સીએ ગ્રુપ અને તેના પ્રમોટર્સને ઓગસ્ટમાં જયપુર, ઉદયપુર, મુંબઈ અને દિલ્હીમાં ત્રણ દિવસ સુધી શોધ્યા હતા. વૈભવ ગેહલોત સાથે રતન કાંત શર્માના કથિત સંબંધો EDના સ્કેનર હેઠળ છે અને એજન્સી ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) હેઠળ તેમના નિવેદનની પૂછપરછ અને રેકોર્ડ કરે તેવી અપેક્ષા છે. તે ભૂતકાળમાં કાર ભાડે આપતી કંપનીમાં વૈભવ ગેહલોતનો બિઝનેસ પાર્ટનર રહી ચૂક્યો છે. આ સર્ચ બાદ ED દ્વારા રૂા.૧.૨ કરોડની બિનહિસાબી રોકડ જપ્ત કરવામાં આવી હતી. કોંગ્રેસે રાજસ્થાનમાં તેના નેતાઓ સામે EDની કાર્યવાહી અંગે કેન્દ્રની ટીકા કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર ચૂંટણીમાં તપાસ એજન્સીઓની મદદ લેવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે, લોકો ભાજપને યોગ્ય જવાબ આપશે. શ્રી અશોક ગેહલોતે સમન્સ ઉપર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની હારના ડરથી રાજસ્થાનમાં કોંગ્રેસના નેતાઓને નિશાન બનાવવા માટે કેન્દ્ર તપાસ એજન્સીઓનો દુરૂપયોગ કરી રહ્યું છે. PCC પ્રમુખ ગોવિંદસિંહ દોતાસરા અને કોંગ્રેસના ઉમેદવાર ઓમ પ્રકાશ હુડલાના પરિસર ઉપર EDના દરોડા કોઈ ફરિયાદ કર્યા વિના કરવામાં આવ્યા હતા. ઈડીએ ગઈકાલે વૈભવ ગેહલોતને નોટિસ પાઠવી હતી અને આજે તેને તેની ઓફિસમાં બોલાવ્યો હતો. શું તે મજાક છે ? ગઈકાલે પ્રિયંકા ગાંધી વાડ્રાની રેલીમાં અમે લોકો માટે બે ગેરંટી જાહેર કર્યાના એક દિવસ બાદ EDના દરોડા પાડવામાં આવ્યા હતા. અમે વધુ પાંચ ગેરંટી જાહેર કરવાના છીએ. તેમને દરોડા માટે અગાઉથી કોંગ્રેસના વધુ પાંચ નેતાઓની યાદી તૈયાર કરવા દેવી જોઈએ. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, ૨૬ ઓક્ટોબરના રોજ EDએ રાજસ્થાન કોંગ્રેસના અધ્યક્ષ ગોવિંદસિંહ દોતાસરા અને મહુઆ વિધાનસભા સીટના કોંગ્રેસ પક્ષના ઉમેદવારના પરિસરમાં કથિત પરીક્ષા પેપર લીક કેસમાં મની લોન્ડ્રિંગ તપાસના ભાગરૂપે દરોડા પાડ્યા હતા.

# જો તમે QR કોડ સ્કેન કરો છો તો ગમે ત્યારે છેતરપિંડીનો ભોગ બની શકો છો, કેવી રીતે ?

(એજન્સી) તા.૩૧

સ્કેમર્સ લોકોને ફસાવવા માટે તમામ પ્રકારની યુક્તિઓનો ઉપયોગ કરે છે. સાયબર સિક્યોરિટી કંપનીઓના જણાવ્યા અનુસાર, સ્કેમર્સ લોકોને છેતરવા માટે ફિશિંગ લિંક્સની મદદ લઈ રહ્યા છે. ખરેખર સ્કેમર્સ ઈ-મેઈલમાં QR કોડ મોકલીને લોકોને છેતરતા હોય છે. માત્ર ઈમેલ દ્વારા જ નહીં, સ્કેમર્સ અન્ય ઘણી પદ્ધતિઓ દ્વારા પણ તેઓ લોકોને ફસાવી રહ્યા છે. આ QR કોડ ફિશિંગ લિંક્સ અને સ્કેમ પૃષ્ઠો સાથે એન્કોડ કરેલા છે. યુઝર આ કોડ્સને સ્કેન કરતાની સાથે જ તે સ્કેમનો શિકાર બની શકે છે. કેટલાક કિસ્સાઓમાં એવું જોવા મળ્યું છે કે, કૌભાંડકારો લોકોને ભેટ અથવા વળતરના નામે ફસાવતા હોય છે.

**કેવી રીતે થઈ રહ્યું છે આ કૌભાંડ ? :-**

જ્યારે કોઈ વપરાશકર્તા આ ભેટો માટે કોડ સ્કેન કરે છે અથવા પરત કરે છે, ત્યારે તેણે પાસવર્ડ દાખલ કરવો પડશે. જો તમે પાસવર્ડ દાખલ કરશો, તો તમે કૌભાંડનો શિકાર બનશો. કારણ કે, તે તમને કોઈ ભેટ નહીં આપે, બલ્કે તમારા ખાતામાંથી પૈસા કપાશે. સ્કેમર્સ લોકોને ફસાવવા માટે દુકાનો અને અન્ય સ્થળોએ ફેસ ઊઈ કોડ પણ ચોંટાડી રહ્યા છે.

**FBIની ચેતવણી :-**

તમે જોયું હશે કે દુકાનો ઉપર ઘણા QR કોડ પેસ્ટ કરવામાં આવ્યા છે. સ્કેમર્સ વચ્ચે ફેસ કોડ પણ પેસ્ટ કરી રહ્યા છે, જેના કારણે તમારૂં પેમેન્ટ બીજા કોઈ એકાઉન્ટમાં જશે. એફબીઆઈએ થોડા સમય પહેલા આવા સ્કેમર્સ અંગે ચેતવણી પણ જારી કરી હતી. અમેરિકન એજન્સી FBIએ કહ્યું છે કે, કેટલીકવાર સ્કેમર્સ વાસ્તવિક ઊઈ કોડ ઉપર નકલી કોડ લગાવે છે. એફબીઆઈ અનુસાર, આ કોડ્સને સ્કેન કર્યા બાદ મોબાઈલ હેક થઈ શકે છે. મોબાઈલ ડેટા હેકર્સ પાસે જઈ શકે છે અને મોબાઈલ દ્વારા લોકોની જાસૂસી પણ થઈ શકે છે. આ રીતે હેકર્સ મોબાઈલમાં માલવેર પણ ડાઉનલોડ કરી શકે છે.

**ફિશિંગ હુમલો શું છે ? :-**

તમે આ પ્રકારના કૌભાંડને માછલીની જાળની જેમ સમજી શકો છો. જેમ માછલીને જાળમાં ફસાવવા માટે બાઈટ ફેંકવામાં આવે છે. તેવી જ રીતે, સ્કેમર્સ લોકોને લલચાવે છે અને તેમને કૌભાંડમાં ફસાવે છે. આ પ્રકારનું કૌભાંડ સામાન્ય રીતે ઈમેલ અથવા એસએમએસ દ્વારા કરવામાં આવે છે.

**QR કોડ એક મોટો ખતરો છે :-**

સરકાર, બ્રાન્ડ્સ અને સાયબર સિક્યોરિટી કંપનીઓ આવા કૌભાંડો સામે લોકોને સતત ચેતવણી આપી રહી છે. લિંક દ્વારા લોકોને છેતરવું એ સાયબર ગુનાઓની સૌથી સામાન્ય પદ્ધતિઓ પૈકીની એક છે. લોકોમાં જેમ-જેમ આ અંગે જાગૃતિ આવી રહી છે, તેઓ આવા એસએમએસ અને ઈમેલને અવગણવા લાગ્યા છે. આ કારણે સ્કેમર્સે ફિશિંગ લિંક્સને બદલે ઊઈ કોડ્સ મોકલવાનું શરૂ કર્યું છે. યુઝર આ કોડ્સને સ્કેન કરતાની સાથે જ તેમનું કામ થઈ જાય છે. જ્યાં છેતરપિંડીની લિંક્સ અને ઈમેલ એડ્રેસને ઓળખવાનું સરળ છે. QR કોડ કૌભાંડ એટલું જ મુશ્કેલ છે કારણ કે, તમે તેને જોઈને ઓળખી શકતા નથી.

**જ્યારે તમે કોડ સ્કેન કરો છો ત્યારે શું થાય છે ? :-**

જ્યારે તમે QR કોડ સ્કેન કરો છો, તમને નકલી વેબસાઈટ ઉપર રીડાયરેક્ટ કરવામાં આવશે. આ વેબસાઈટ તમને તમામ પ્રકારની પરવાનગી એક્સેસ માટે પૂછે છે. આ ડેટાની મદદથી છેતરપિંડી કરનારા લોકો સાથે છેતરપિંડી કરે છે.

**તમે કેવી રીતે છટકી શકો છો ? :-**

ઈન્ટરનેટની દુનિયામાં તમે સાવચેત અને સતર્ક રહીને જ સુરક્ષિત રહી શકો છો. તમારે હંમેશા કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી પડશે. QR કોડ સાથેનો ઈમેલ એ પ્રથમ સંકેત છે. જો તમને ઈમેલમાં QR કોડ દેખાય, તો તેને જોખમી ગણવો જોઈએ. સ્કેમર્સ ઘણીવાર ઉતાવળમાં અને ઝડપથી લોકોનો લાભ લેવા કહે છે. આ માટે તેઓ પાસવર્ડ સાથે ચેડાં અથવા સર્વિસ એક્સપાયર્ડ જેવા ઈમેલ મોકલે છે. જેના કારણે લોકો ઉતાવળે ખોટાં પગલાં ભરે છે. માટે કૃપા કરીને કોઈપણ ઈમેલ ઉપર વિશ્વાસ કરતા પહેલા તેને બે વાર તપાસો. આવા નકલી ઈમેલ લોકોને ઘણી સમસ્યાઓનો ઝડપી ઉકેલ આપે છે. આવી બાબતોને ધ્યાનમાં રાખીને તમે તમારી જાતને સુરક્ષિત રાખી શકો છો. કોઈપણ દુકાન ઉપર QR કોડ સ્કેન કરતી વખતે ઉતાવળ ન કરો. સૌ પ્રથમ, કોઈપણ કોડ સ્કેન કર્યા પછી તે કોના નામે છે તે જુઓ. જો કોડ દુકાનદારના નામે હોય તો જ તમારે પેમેન્ટ કરવું જોઈએ. એ જ રીતે, ફ્રી ગિફ્ટ કાર્ડ્સ વિશે પણ સાવધ રહેવું જોઈએ.

## દિવાળી દરમ્યાન STની ૨૨૦૦ વધારાની બસ દોડાવવા નિર્ણય

# ખાનગી બસ ઓપરેટરોની લૂંટ ચલાવી નહીં લેવાય; આકરા પગલાં લેવાશે



સુરત, તા.૩૧

આગામી દિવાળી દરમ્યાન સુરતને કર્મભુમી બનાવીને રહેતા ગુજરાતના અન્ય શહેરોના લોકોને વતન જવા માટે એસ.ટી. વિભાગ દ્વારા ૨૨૦૦ જેટલી એક્ટ્રા બસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત આગામી બેથી ૧૧ નવેમ્બર સમય દરમ્યાન એસટી વિભાગને ૧૦૧ નવી બસ મળશે તેથી લોકોને સુવિધા રહેશે. ખાનગી બસ ઓપરેટરને મંત્રીએ ચીમકી આપતા કહ્યું હતું કે, ખાનગી બસ ઓપરેટરની લૂંટ ચલાવી નહીં લેવાય, વધુ પૈસા પડાવનાર સામે આકરા પગલાં ભરાશે. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ એક પત્રકાર પરિષદમાં ગુજરાત એસટી અંગે જણાવ્યું હતું કે, એસટી નિગમના કર્મચારીઓ છેવાડાના નાગરિકોને પોતાના વતન પહોંચાડવા માટે અથાગ મહેનત કરી રહ્યા છે. સુરત શહેરમાં સૌરાષ્ટ્રથી માંડીને ઉત્તર ગુજરાત અને દાહોદ-ગોધરાથી માંડીને સમગ્ર રાજ્યના ગામડાઓના નાગરિકો રોજી રોટી માટે સ્થાયી થયા છે. દિવાળીના તહેવારોમાં રાજ્ય સરકાર દ્વારા મહત્તમ સંખ્યામાં બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દિવાળીના તહેવારમાં એસટી વિભાગ દ્વારા ૨૨૦૦થી વધુ બસો દોડાવવામાં આવશે. આગામી બીજી નવેમ્બરથી ૧૦મી નવેમ્બર સુધી સુરત, અમદાવાદ, વડોદરા સહિતના શહેરોમાંથી અલગ-અલગ તાલુકા અને જિલ્લાઓ માટે ૧૦૧ નવી બસ આપવામાં આવશે. ખાનગી બસ સંચાલકો દ્વારા દિવાળી દરમ્યાન મુસાફરો પાસે વધુ પૈસા પડાવી લૂંટ ચલાવવામાં આવી રહી છે તે પ્રશ્ન ઉપર મંત્રીએ કહ્યું હતું કે, તમારી સેવા અને વેપાર સારો ચાલે તેમાં સરકારને કોઈ વાંધો નથી પરંતુ નાગરિકોની જરૂરિયાત ધ્યાને રાખીને ઉઘાડી લૂંટ કરનાર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ આવી ફરિયાદ મળશે અને પ્રજાને કોઈ લૂંટતા પકડાશે તો તેમની સામે આકરા પગલાં પણ ભરવામાં આવશે.

# પંજાબ : ભારત-કેનેડા વિવાદ વધી રહ્યો છે, તેમાં વિઝામાં વિલંબથી વિદ્યાર્થીઓ ચિંતિત છે અને સ્થાનિક વ્યવસાયોને નુકસાન થઈ રહ્યું છે

જાલંધર, તા.૩૧

જાલંધરની રહેવાસી સિમરન (૨૦) અને તેના માતા-પિતા મૂંઝવણનો સામનો કરી રહ્યા છેઃ શું તેણીએ કેનેડિયન અભ્યાસ વિઝા માટે હમણાં જ અરજી કરવી જોઈએ અથવા જ્યાં સુધી નવી દિલ્હી અને ઓટ્ટાવા વચ્ચેના રાજદ્વારી સંબંધો પુર્નઃ શરૂ થાય ત્યાં સુધી મુલતવી રાખવું જોઈએ ? સિમરનનો આ ડર નિરાધાર નથી. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ હાઉસ ઓફ કોમન્સમાં જણાવ્યું હતું કે૪ ભારતીય એજન્ટો કેનેડિયન શીખ નાગરિક હરદીપસિંહ નિજ્જરની હત્યા સાથે સંકળાયેલા છે, જેઓ એક ખાલિસ્તાન કાર્યકર્તા હતા, ત્યારથી આ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો ખરાબ થયા છે. ભારતે આ આરોપોને ફગાવી દીધા હતા અને કેનેડિયન નાગરિકો માટે વિઝા સેવાઓ બંધ કરી દીધી હતી. ચંદીગઢ, મુંબઈ અને બેંગ્લુરૂમાં કોન્સ્યુલર સેવાઓ સ્થગિત કરીને ભારતમાં તૈનાત ૪૧ રાજદ્વારીઓને પાછા ખેંચવાની ભારતની માંગનું પાલન કેનેડાએ કર્યું એ પછી ૧૯ ઓક્ટોબરે તણાવ વધુ વધ્યો. આનાથી વિઝા સેવાઓમાં વિલંબ થવાની સંભાવના છે અને વ્યક્તિગત સબમિશન માટે નવી દિલ્હીમાં કેનેડિયન એમ્બેસીમાં લાંબા સમય સુધી રાહ જોવી પડશે. હકીકતમાં જેઓ ૧૯ ઓક્ટોબરે ચંદીગઢમાં કેનેડિયન વાણિજ્ય દૂતાવાસમાં સેવાઓનો લાભ લેવા માટે ગયા હતા તેઓ પાછા ફર્યા હતા. અરજદારો એમ પણ કહે છે કે, આ મુદ્દા અંગેના બનાવટી સમાચારો મૂંઝવણ વધારી રહ્યા છે. કપૂરથલા જિલ્લાના ફગવાડામાં એક સંસ્થામાંથી IELTS કોચિંગ લઈ રહેલી અન્ય એક વિદ્યાર્થી સુનૈનાએ જણાવ્યું હતું કે, સ્ટડી વિઝા સમયબદ્ધ હોય છે, કારણ કે, વિદ્યાર્થીઓ આગામી સેમેસ્ટરમાં સીટની ઉપલબ્ધતા અનુસાર પ્રવેશ મેળવે છે અને ડોલરમાં ફી ચૂકવે છે. અમે ખૂબ જ ચિંતિત છીએ. જલંધરમાં ગામમાં ડ્રગ્સનો દુરૂપયોગ, અપરાધ અને હિંસાનું પ્રમાણ વધુ છે. માતા-પિતા તેમના બાળકોને શિક્ષણ માટે વિદેશ મોકલવાનું પસંદ કરે છે જેથી તેઓ આ સંજોગોમાંથી બચી શકે.

**વિઝામાં વિલંબથી શિક્ષણ સલાહકારો ચિંતિત :-**

ભારતમાંથી ૪૧ રાજદ્વારીઓને પાછી ખેંચી લેવા છતાં કેનેડાના ઈમિગ્રેશન પ્રધાન માર્ક મિલરે કહ્યું કે, કેનેડા ભારતમાંથી તમામ અસ્થાયી અને કાયમી નિવાસી અરજીઓ સ્વીકારવાનું અને પ્રક્રિયા કરવાનું ચાલુ રાખશે. મંત્રીએ એ પણ માહિતી આપી હતી કે બાકીનો સ્ટાફ મહત્ત્વના કામ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખશે. જો કે, એજ્યુકેશન કન્સલ્ટન્ટ્સનું કહેવું છે કે, ભારતમાં રાજદ્વારી કર્મચારીઓની સંખ્યા ઓછી છે અને ત્રણ મોટા શહેરોમાં કોન્સ્યુલર સેવાઓ સ્થગિત કરવાનો અર્થ અનિવાર્યપણે વિઝા પ્રક્રિયાના સમયમાં વધારો થશે. ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં મંદીને કારણે ટ્રાવેલ એજન્ટોના વ્યવસાયને નુકસાન થયું છે. છેલ્લા કેટલાક દિવસોમાં ૨૫૦થી ૩૦૦ એર ટિકિટો રદ કરવામાં આવી હતી. ઘણા પરિવારોએ લગ્ન મુલતવી રાખવા પડ્યા છે. ભારત સરકારે કેનેડિયન નાગરિકો માટે વિઝા સંપૂર્ણપણે સ્થગિત કરી દીધા છે, ત્યારે કેનેડિયન સરકારનું કામ હવે ધીમુ થઈ જશે. અમે આશા રાખી શકીએ છીએ કે આ પરિસ્થિતિ ધીમે-ધીમે સુધરશે. જો કે, ટોરોન્ટો સ્થિત કન્સલ્ટન્ટ પમ્સી સિંઘ સેહમ્બેએ જણાવ્યું હતું કે, કેનેડિયન સત્તાવાળાઓ ભારત સાથેના તેમના સંબંધોને બગાડવાના મૂડમાં નથી. કેનેડાના વડાપ્રધાન ટ્રુડોએ આ સ્પષ્ટ કર્યું છે કે, અરજીઓની પ્રક્રિયાના સમયમાં થોડો વિલંબ થઈ શકે છે. અત્યારે પણ સ્ટડી વિઝા માટે પ્રોસેસિંગનો સમય લગભગ ૨૨ દિવસ અને વિઝિટર વિઝા માટે ૩૧ દિવસનો છે. આનાથી વિપરીત, જલંધરમાં ગોલ્ડન પિલર્સ ઈમિગ્રેશનના બ્રાન્ચ મેનેજર કંવલજીત કૌરે જણાવ્યું હતું કે, જ્યારથી કેનેડાને ૪૧ રાજદ્વારીઓને પાછા ખેંચવાનું કહેવામાં આવ્યું છે, સંભવિત અરજદારો બે વાર વિચારી રહ્યા છે કારણ કે, તેઓને અસ્વીકારનો ડર છે. કોઈપણ ઈચ્છતું નથી કે તેમની વિઝા અરજી ફગાવી દેવામાં આવે. લોકોએ કેનેડાના વિઝા માટે અરજી કરવાનું બંધ કરી દીધું છે. કારણ કે, કેનેડિયન સત્તાવાળાઓએ કહ્યું છે કે, પ્રક્રિયાના સમયમાં વધારો થઈ શકે છે, લોકો ચિંતિત છે. અગાઉ સ્ટડી વિઝા માટે પ્રોસેસિંગનો સમય લગભગ ૧૫થી ૩૦ દિવસનો હતો. જો કે, તે બે મહિના સુધી વધી શકે છે. અમે ગ્રાહકોને હમણાં રાહ જોવાનું સૂચન કરીએ છીએ, કારણ કે, કેનેડાએ કોવિડ-૧૯ રોગચાળા દરમ્યાન વિઝા આપવાનું બંધ કર્યું નથી. અમે લોકોને તાજેતરના અપડેટ્સથી વાકેફ રહેવા અને નકલી સમાચારોથી સાવધ રહેવા વિનંતી કરીશું. જલંધર સ્થિત દંપતી સંદીપ સિંહ અને સંદીપ કૌરે જણાવ્યું હતું કે, તેમના કેનેડિયન પિતરાઈ ભાઈના લગ્ન ૨૧ ઓક્ટોબરના રોજ થવાના હતા. ભારત સરકાર દ્વારા કેનેડિયન નાગરિકો માટે વિઝા સેવાઓ સ્થગિત કર્યા બાદ વરરાજા વિઝા મેળવવામાં નિષ્ફળ ગયો હતો અને સમારંભ રદ કરવો પડ્યો હતો. વરરાજાના લગભગ અડધા સંબંધીઓ યુએસમાં છે અને અન્ય યુકેમાં છે. લગભગ તમામે હોશિયારપુર જિલ્લામાં લગ્ન માટે એર ટિકિટ બૂક કરાવી હતી. તેઓએ લગ્ન મુલતવી રાખવા પડ્યા. વરરાજાના પરિવારે લગ્નના કાર્ડ છપાવી દીધા હતા જ્યારે કન્યાના પરિવારે મેરેજ પેલેસ બૂક કરાવ્યો હતો. તેનાથી મોટું આર્થિક નુકસાન થયું છે. અમે આશા રાખીએ છીએ કે, ભારત સરકાર તેના નિર્ણય ઉપર પુર્નઃ વિચાર કરશે અને ભારતીય મૂળના લોકોને પુર્નઃ મિલન, લગ્નો અને કાર્યો માટે તેમના વતન જવાની મંજૂરી આપશે. જાલંધર, કપૂરથલા, હોશિયારપુર અને નવાનશહરના પ્રદેશોના લોકો યુએસ, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને યુરોપમાં મોટી સંખ્યામાં સ્થાયી થયા છે. જાલંધર, ફગવાડા અને લુધિયાણાના સામાન્ય રીતે વ્યસ્ત એનઆરઆઈ બજારોમાં ઓછા મુલાકાતીઓ આવે છે. તેઓ કહે છે કે, અમારા વ્યવસાય ઉપર ખરાબ અસર પડી છે. પંજાબમાં શિયાળાની શરૂઆત એટલે એનઆરઆઈ અને પીઆઈઓની સીઝન. અમે આવકમાં મોટી વૃદ્ધિની આશા રાખીએ છીએ, કારણ કે, લગ્નો, ફંક્શન્સ અને કૌટુંબિક મુલાકાતો ઓક્ટોબરથી એપ્રિલ દરમ્યાન થાય છે. જો કે, આ વર્ષે બજારમાં મંદી છે.

‘સ્વચ્છતા હી સેવા’ અંતર્ગત જૂનાગઢ મનપા અને

# ભાજપ સફાઈ કામદાર સેલના સંયુકત ઉપક્રમે મહર્ષી ઋષિ વાલ્મીકી ભગવાનની જન્મજયંતિ મહોત્સવ યોજાયો




જૂનાગઢ તા. ૩૧

સ્વચ્છતા પખવાડીયા- સ્વચ્છતા હી સેવા-૨૦૨૩ અંતર્ગત જૂનાગઢ મનપા અને ભારતીય જનતા પાર્ટી સફાઈ કામદાર સેલના સંયુકત ઉપક્રમે મહર્ષી ઋષિ વાલ્મીકી ભગવાનની જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે તા.૨૮-૧૦-૨૩ ને શનિવારના રોજ શામળદાસ ગાંધી ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પદાધિકારીઓ, મહાનુભાવો ઉપરાંત અનુસુચીત જાતિ મોર્ચાના પ્રમુખ જીતુભાઈ મણવર, સંયોજક ચંદ્રેશભાઈ હેરમા તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો અને સફાઈ કામદારો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં સાંસ્કૃતિક કાર્યક્રમ લોક સાહિત્યકાર દિવ્યેશભાઈ જેઠવા દ્વારા દેશભક્તિના ગીતોનું ગાન કરતા વાતાવરણ દેશભક્તિમય બની ઉઠયું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું ઢોલ, નગારા સાથે વાલ્મીકી સમાજની બાળાઓ દ્વારા કુમ-કુમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત ગીત રજુ કર્યા બાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરી પ્રવચન કરવામાં આવ્યું હતું તેમજ પધારેલ મહાનુભાવોનું મોમેન્ટો, વાલ્મીકી રચીત રામાયણ તથા ફુલહાર આપી સન્માન કરવામાં આવેલ હતું.

મનપા જૂનાગઢના સફાઈ કામદારોની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવી તમામ સફાઈ કામદારોને ઉપસ્થિત મહેમાનો તથા પદાધિકારીઓના વરદ્‌હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જૂનાગઢ વાલ્મીકી સમાજના દરેક વિસ્તારના પ્રમુખો તથા તેની ટીમ તેમજ સૌરાષ્ટ્રના જીલ્લાઓમાંથી વાલ્મીકી સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# જૂનાગઢની સિવીલ હોસ્પીટલમાં દર્દીઓને દવા હોવા છતાં ના પાડવામાં આવતી હોવાની ફરીયાદ



જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢની સરકારી સિવીલ હોસ્પીટલમાં દવાઓ હોવા છતાં ના પાડવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. આ અંગેની મળતી વિગત અનુસાર દરરોજ વધતી જતી મોંઘવારીના કારણે સામાન્ય વર્ગના લોકો પ્રાઈવેટ હોસ્પીટલમાં જવાને બદલે સરકારી હોસ્પીટલની આશા રાખતા હોય છે. પરંતુ જૂનાગઢ ખાતે આવેલ સિવીલ હોસ્પીટલમાં દર્દીઓને ઘણી હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે એક બનાવમાં દર્દી સ્કીનની ઓપીડીમાં તપાસ કરાવ્યા બાદ ત્યાંથી કેસમાં દવા લખી આપવામાં આવી હતી. ત્યારે દર્દીને પગમાં તકલીફ હોવાને લીધે દવા બારીએ કેસ બતાવતા ત્યાં આ દવાની ટયુબ નથી તેમ કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ ફરી વખત બીજા માળે સ્કીન વિભાગમાં મેડમને જાણ કરતા મેડમે કહેલું કે કાલ સુધી તો હતી. ત્યારબાદ ફરી નીચે દવા વિતરણની બારીમાં જાણ કરતા આખે તે ટયુબ આપવામાં આવી હતી અને દર્દીએ પુછફું હતુ કે આ જે લખેલી છે તેજ ટયુબ છે ને? તો દવા બારીએ બેઠેલા કર્મચારીએ જવાબ આપ્યો હતો કે એ મેડમને જ પુછી આવો. ત્યારબાદ ફરી સ્કીન વિભાગમાં મેડમને બતાવતા મેડમે કહેલ કે આ જે લખી આપી એજ ટયુબ છે. ત્યારબાદ આ દર્દીએ દવા બારીના કર્મચારીને કહેલ કે લખી આપેલી એ જ છે. તો કર્મચારીએ જવાબ આપેલો કે ‘બસ તો જાવ હવે.’ તેવું કહેલ. આમ કરોડોના ખર્ચે બનાવેલ સિવીલ જે પ્રજાની આરોગ્યની સુખાકારી માટે છે. ત્યારે હોસ્પીટલનો સ્ટાફના કર્મચારી જાણે દર્દી ઉપર મોટો અહેસાન કરતા હોય તેવું વર્તન કરવામાં આવે છે. આમ દરરોજ કેટલાય દર્દીઓને આવા કર્મચારીઓનો ભોગ બનવું પડે છે અને ઘણીખરી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ બાબતે યોગ્ય કરવામાં આવે તેવી માંગણી જનતામાંથી ઉઠવા પામી છે.

# સોમનાથ મંદિરનું પુનઃ નવનિર્માણ સરદારની દ્રઢ પ્રતિજ્ઞા અને સંકલ્પથી જ પાર પડયું

## સરદાર પટેલ જો ના હોત તો આપણી આંખો સોમનાથનું પુનઃનિર્માણ જોવા પામી ન હોતઃ સ્વ.કનૈયાલાલ મુન્શી

વેરાવળ તા. ૩૧

‘‘હમ યાદોં કે ફુલ ચઢાયે..
ઔર આંસુ કે દિપ જલાયેં,
મોત મિટા દે ચાહે હસ્તી,
યાદ તો અમર હૈ...’’

વિશ્વ પ્રસિધ્ધ ભારતના બાર જયોર્તિલીંગના પ્રથમ ભગવાન સોમનાથ મહાદેવનું દિવ્ય-ભવ્ય મંદિર આપણે નિહાળી રહયા છીએ તેનો સંપુર્ણ યશ તત્કાલીન ભારતના નાયબ વડાપ્રધાન અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને જાય છે.

૧૩ નવેમ્બર ૧૯૪૭ ના રોજ ભારતના તત્કાલીન નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ ખાસ સલુનમાં (તે સમયની ટ્રેનનો ખાસ કોચ) સોમનાથ આવ્યા અને ભારતને આઝાદી મળ્યા પછી પહેલું કામ તેમણે એ કર્યુ કે અહીં સોમનાથ મંદિર જીર્ણની મુલાકાત લીધી. મંદિરની આવી દુર્દશા જોઈ તેમના આત્માને ખુબજ ઉંડુ દુઃખ થયું.

સોમનાથ ખાતે થોડીવાર તેઓ ઉંડા વિચારમાં ખોવાઈ ગયા અને પછી સડસડાટ મંદિર પાસે જ આવેલ સમુદ્ર તટે જવાની સીડીના પગથીયે ચંપલ પહેર્યા વગર ખુલ્લા પગે દોડી જઈ સમુદ્રના જળની જમણા હાથની હથેળીમાં અંજલિ લઈ તે જ સ્થળે દ્રઢ સંકલ્પ કર્યો કે ‘સોમનાથ મહાદેવ મંદિરનું નિર્માણ થઈને જ રહેશે.’

સોમનાથ મંદિરના નવનિર્માણ વિના ભારતને મળેલી આઝાદી અધુરી જ ગણાય અને પછી જનસમુહ સાથે તેમણે જે સોમનાથ મંદિર જોયું તો સભા મંડપમાં તુટેલી ફરસ, ખંડિત સ્થંભો અને વેરવિખેર પથ્થરો, અપિરીચીત



પગલાઓનો અવાજ સાંભળી ગરોળીઓ પોતાના દરમાંથી બહાર ડોકાઈને પાછી સંતાઈ જતી હતી અને મંદિરના મેદાનમાં કોઈક અધિકારીનો બાંધેલો ઘોડો હણહણતો હતો. આ જોઈ મુન્શી અને સરદાર બંનેએ જે તે સમયે કહયું હતુ કે, આ દ્રશ્ય જોઈ મારૂ મસ્તક શરમથી ઝુકી જાય છે અને ત્યારે ઓચિંતી વિઝીટ હોવાને કારણે કોઈ પાસે ધજા કે વાવટા કે કાંઈ હતું નહીં જેથી રાષ્ટ્રધ્વજને જ મંદિરના કાંગરે ફરકાવી ઉત્સાહિત મેદનીએ ઉત્સાહ વ્યકત કર્યો અને પછી નવા મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું જે આજે વિદ્યમાન છે. સરદાર સોમનાથ આવ્યા તે દિવસે ૧૩ નવેમ્બર, ૧૯૪૭ વિક્રમ વર્ષ ૨૦૦૪ બેસતા વર્ષનો પ્રથમ દિવસ હતો તેમ પ્રભાસના ભાસ્કર વૈદ્ય કહે છે.

# ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. મધુર ડેરી દ્વારા શરદોત્સવ ઉજવાયો



જૂનાગઢ તા. ૩૧

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૮-૧૦-૨૦૨૩ ને શનિવારના રોજ શરદોત્સવ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. શરદોત્સવની ઉજવણીમાં મધુર ડેરીના અધિકારીઓ, કર્મચારી ગણ અને મધુર ડેરી સાથે જોડાયેલ ગાંધીનગર જિલ્લા દૂધ મંડળીના ચેરમેનશ્રીઓ, સભાસદો, નિયામકશ્રીઓ, સંસ્થાના ચેરમેનશ્રી તથા મેનેજીંગ ડીરેકટરશ્રી પરીવાર સાથે શરદોત્સવમાં હાજર રહયા હતા. શરદોત્સવમાં પધારેલ મહેમાન તરીકે નિતીનભાઈ પટેલ-પૂર્વ પ્રમુખ ભાજપ, મનુભાઈ પટેલ, પૂર્વ ચેરમેન-સ્ટેન્ડીંગ કમિટી, ગાંધીનગર મહાનગરપાલિકા, દેવેન્દ્રસિં ચાવડા, પૂર્વ મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા, પ્રવિણભાઈ પટેલ, પૂર્વ મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, કાર્તિકભાઈ પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા, બિપીનભાઈ જોશી, સેલ ચેરમેન ભાજપ, શંકરસિંહ ગોહિલ, વાઈસ ચેરમેન બાર એસોસીએશન ગુજરાત રાજય, પ્રદિપસિંહ વાઘેલા-વિદ્યા લાયબ્રેરી અને શ્રી ગોજીયા, સીનીયર જનરલ મેનેજર, અમૂલ ફેડરેશન વગેરે મહેમાનો શરદોત્સવમાં હાજર રહી સર્વેએ સમૂહ આરતીનો લાભ લીધો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ સારા ગરબાનું પરફોમન્સ કરનાર દરેક ખેલૈયાઓને કેટેગરી વાઈઝ ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ શરદોત્સવ ખૂબજ સફળતા પૂર્વક ઉજવવામાં આવેલ હતો. આ પ્રસંગે હાજર રહેલ દરેક પરીવારજનોએ દૂધ પૌવાનો પ્રસાદ લઈ આ કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જનરલ મેનેજર હંસાબેન પટેલે કર્યું હતું.

# સફેદ લાઈટો આરટીઓ માન્ય કોણે કરી?

## માણાવદર પંથકમાં સફેદ લાઈટોના કારણે પ્રજાને હેરાનગતિ થતી હોવાની ફરીયાદો

માણાવદર તા. ૩૧

માણાવદર પંથક સહિત છેલ્લા ઘણાં સમયથી સફેદ લાઈટો ટુ-વ્હીલર તથા ફોર વ્હીલર તેમજ હેવી વાહનમાં બેફામ ચલણ વધ્યું છે. તે ખરેખર નાના વાહનચાલકો, સાયકલ ચાલકોની આંખો આંજી નાખે તેવી તિવ્ર પ્રકાશ ફેંકતી લાઈટોથી અકસ્માત થતા હોવાની પ્રજાજનોમાંથી ફરીયાદ ઉઠવા પામી છે. ત્યારે આ સફેદ લાઈટો ખરેખર આરટીઓ માન્ય છે કે કેમ? તે પ્રશ્ન ચર્ચાઈ રહયો છે. પીળી લાઈટોમાં પણ વચ્ચે કાળા ટપકા કરાતા તે ખરેખર આંખોમાં સીધી ના પડે અને અકસ્માતનું પ્રમાણ ઘટે તે માટે આ નિયમ છે. પરંતુ નાના-મોટા તમામ વાહનોમાં આ સફેદ લાઈટો લગાવવામાં આવે છે તે ખરેખર માન્ય છે કે કેમ? તેની તપાસ કરી તંત્ર દ્વારા યોગ્ય કરવામાં આવે તેવી માણાવદર પંથકની જનતામાંથી માંગણી ઉઠવા પામી છે.

# દુનિયાભરના લોકોએ ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અદભૂત નજરો નિહાળ્યો

## રાજ્યના ૧૦ લાખ જાગૃતોએ આંશિક ચંદ્રગ્રહણ નિહાળ્યું : દર વર્ષે ચંદ્ર પૃથ્વીથી ૪ સેન્ટિમીટર ખસે છે : જ્યોતિષીઓના ફળકથનોની હોળી કરવામાં આવી : દૂધ-પૌઆ આરોગી સુતકનો ઉલાળિયો કરવામાં આવ્યો : ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી : રાજ્યોમાં વિજ્ઞાન જાથાની અપીલનો જબરો પ્રતિસાદ મળ્યો



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૩૧

દેશ દુનિયાના કરોડો લોકોએ ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અદભૂત અવકાશી નજારો નિહાળી રોમાંચિત થઈ ભાવ વિભોર બન્યાં હતાં. રાજયમાં ૧૦ દસ લાખ જાગૃતોએ આંશિક ચંદ્રગ્રહણ નિહાળ્યું હતું. રાજયકક્ષાના કાર્યક્રમમાં વિજ્ઞાન વિષયક માહિતી આપવામાં આવી હતી. ગ્રહણ સંબધી જયોતિષીઓની નકારાત્મક આગાહીઓ ફળકથનોની ગામેગામ હોળી કરવામાં આવી હતી. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો જબરો પ્રતિસાદ જોવા મળ્યો હતો. જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડ્યાએ રાજય કક્ષાના કાર્યક્રમમાં જાગૃતિને જણાવ્યું કે ગ્રહો, ગ્રહણો કે અવકાશી યુતિની ખગોળીય ઘટના જોવા જાણવા માટે હોય છે. રાજયભરમાં જિલ્લા તાલુકા ગ્રામ્ય ક્ષેત્રે જાથાએ ગ્રહણ નિર્દશન સાથે ગેરમાન્યતાનું ખંડન કાર્યક્રમ યોજી સફળતા મેળવી હતી. લોકો સ્વયંભૂ હાજર રહ્યા હતા. જાથાનું દેશ વ્યાપી અભિયાનમાં લોકોએ અવકાશ તરફ નજર કરતાં તેમાં પ્રગતિ જોવા મળે છે. પૃથ્વીનો મિત્ર ચંદ્ર છે તેની બેખુબીઓ વર્ણવામાં આવી હતી. જાથા ભાવી પેઢીમાં આશાનું કિરણ જોવે છે. બાળકો, કિશોર - કિશોરીઓમાં વિજ્ઞાન અભિગમ સ્પસ્ટ જોવા મળે છે. જ્યારે મોટી ઉમરના વ્યક્તિ વિજ્ઞાન અને અંધશ્રદ્ધા બંનેમાં અસ્પસ્ટ વલણ રાખી ડાકલા વગાડતા જોવા મળે છે. જે દુખદ છે. લોકો મોડી રાત સુધી જાગી ગ્રહણની ગતિ વિધિ નિહાળી હતી. વધુમાં જયંત પંડયાએ રાત્રિના સાડા અગીયાર પછી પૃથ્વીની પડછાયાની હકીકત ટેલિસ્કોપથી બતાવી હતી. રાત્રિના એક વાગ્યા પછી આંશિક ગ્રહણની ગતિવિધિ સ્પસ્ટ નિહાળી રોમાંચિત થયા હતા. રાત્રિના સવા બે વાગ્યા સુધીની ચંદ્ર ઉપર ૬ ટકાનો હિસ્સો હતો તે ખસી જતો હતો બધી ગતિવિધિ નિહાળી રોમાંચિત થયા હતાં. લોકોને ગ્રહની સમજ આપી અવગત કરવામાં આવ્યાં હતાં. લોકોને હકીકત આપી તેમાં પાંચ હજાર વર્ષમાં પૃથ્વી ઉપર આશરે ૨૩,૦૦૦ ચંદ્ર - સુર્ય ગ્રહણ પસાર થઈ ગયા છે. ઈ. સ. પૂર્વે ૧૨૦૮ થી ૨૧૬૧ સુધીના ૮૦૦૦ સુર્ય ગ્રહણો અને ૫૨૦૦ ચંદ્ર ગ્રહણોની માહિતી નકશામાં ઉપલબ્ધ છે. પૃથ્વી ઉપર હજારો ગ્રહણો પસાર થઈ ગયા છે. ભવિષ્યમાં હજારો લાખો ગ્રહણો પસાર થવાના છે. તે માત્ર અવકાશી ઘટના છે. વૈજ્ઞાનિકો તક જડપી માનવ કલ્યાણકારી સંશોધનો કરે છે. જ્યારે જ્યોતિષીઓ ગુમરાહ સાથે ભય ફેલાવાનું કામ કરે છે. જાથા વર્ષોના અનુભવે કર્મકાંડ - ક્રિયાકાંડોથી માનવની અધોગતિ થઈ ગઈ છે. તેથી ગામે-ગામ જાગૃતિ ફેલાવામાં સ્ટેજ કાર્યક્રમો રાખી અનુભવ જન્ય હકીકત આપવામાં આવે છે. જાથા તથા દેશભરમાં લોકપ્રિય હોવાના કારણમાં ફિલ્ડ ઉપર કામ કરે છે, બોલે છે, તેનું આચરણ કરે છે તેથી લોકોમાં વિશ્વાસ છે. વિશેષમાં એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સૂર્યમાળામાં ચંદ્રોનો જુમલો ૧૫૦નો આંક વટાવી ચૂક્યો છે. દર વર્ષે ચંદ્ર પૃથ્વીથી અંદાજે ૪ સેન્ટિમીટર જેટલો ખસે છે. વર્ષો પહેલા ચંદ્ર ફક્ત ૧૫,૦૦૦ કિલોમીટર દૂર હતો. ત્યારે પૃથ્વીને માત્ર ૪.૮ કલાકમાં ચકરાવો પૂરો કરતો હતો. આજે તે ૨૪ કલાકનો સમય ફરે છે. ચંદ્ર ૩,૪૮,૪૦૦ કિલોમીટર દૂર જતો રહ્યો છે. ભવિષ્યમાં પૃથ્વીનો પરિભ્રમણનો એક ચકરાવો પૂરો કરવાં માટે ૪૯ કલાક સમય લેવાનો છે. જેથી દિવસ બમણો થશે. પૃથ્વીનો મિત્ર ચંદ્ર ઉપગ્રહ છે. પૃથ્વીને અન્યોન્ય ચંદ્રની અતિ જરૂરીયાત છે. માનવ જીવન ટકાવી રાખવામાં મદદરૂપ છે. જે જોવા - જાણવા માટે હોય છે. કુદરતના નિયમોનું પાલન કરવું જરૂરી છે. નાના - મોટા સૌને માહિતગાર કરવામાં આવ્યાં હતા. ખંડગ્રાસ, આંસિક ગ્રહણ ભારત, નેપાળ, સાઉદી અરેબીયા, સુદાન, તુર્કી, અલ્જીરિયા, જર્મની, એશિયા, ઓસ્ટ્રેલીયા, પૂર્વ અમેરિકા, યુરોપ અને આફ્રિકા સુધી પ્રદેશોમાં અવકાશી નજારો જોવા મળ્યો હતો. લોકોએ ખગોળીય ઘટનાઓ આનંદ લૂટયો હતો. તા. ૨૯મી ૩ કલાક ૫૬ મિનિટ સુધી ગ્રહણની હકીકત આપી હતી. રાજયમાં ગામે-ગામ જયોતિષીઓની નકારાત્મક આગાહીઓ, ફળકથનોની હોળી કરી નિદર્શન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાત્રિના દેશભરમાં શરદપૂનમના કારણે દૂધ - પૌવા આરોગી સૂતક - બુતકનો ઉલાળીઓ કરી જ્યોતિષીઓને આલેબેલ આપી વિજ્ઞાન અભિગમ બતાવ્યો હતો. સદીઓ જૂની માન્યતા ફગાવવા અને વેદાંતી નિયમોની ૨૧ મી સદીમાં જરૂરી નથી તેવી ચેતવણી આપવામાં આવી હતી, તથા બાળકો, મોટી ઉમરના લોકો જોડાયા હતા. રાજ્યમાં જિલ્લા રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અરવલ્લી, રાજપીપળા, ડાંગ,- આહવા, છોટા ઉદેપુર, ગોધરા, હિમંતનગર, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, ભુજ કચ્છ, તાપી- વ્યારા, દાહોદ, પંચમહાલ, લુણાવાડા, સુધી તાલુકા - ગ્રામ્ય કક્ષાએ ગ્રહણ નિદર્શન, ચા-નાસ્તો, ફળકથનોની હોળી કરવામાં આવી હતી. રાજય કક્ષાના કાર્યક્રમમાં જયંત પંડયા વડપણ હેઠળ અકેલશ ગોહિલ, રવિ પરબાણી, વિનોદરાય ભટ્ટ, આનંતભાઈ ગોહેલ, વિવેક રાવલ, દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, રાજુભાઈ યાદવ, વિનોદ વામજા , મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, ભારતીબેન ગંગદેવ, જ્યોતિબેન પુજારા, શોભનાબેન ભાણવડિયા, યોગિતાબેન જોબનપુત્રા, આશાબેન મજેઠીયા, વર્ષા પંડયા, હંસાબેન ચુડાસમા, જિગીષાબેન રાવલ, નેહાબેન મહેતા, પ્રફુલ્લાબેન બોરિચા, ભદ્રાબેન ગોહેલ, ગીતાબેન મહેતા સહિત જાગૃતોએ હાજરી આપી ખંડન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. શોભનાબેનભાણવડિયા, યોગિતાબેનજોબનપુત્રા, આશાબેન મજેઠીયા, વર્ષાપંડયા, હંસાબેનચુડાસમા, જિગીષાબેન રાવલ, નેહાબેન મહેતા, પ્રફુલ્લાબેન બોરિચા, ભદ્રાબેન ગોહેલ, ગીતાબેન મહેતા સહિત જાગૃતોએ હાજરી આપી ખંડન કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# સુત્રાપાડા નજીક દરિયા કિનારે કાચબા અને માછલીઓના મોત

**સ્થાનિક ઔદ્યોગીક એકમ GHCL દ્વારા દરિયામાં કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતું હોવાનો આક્ષેપ સાથે વન વિભાગ અને પોલ્યુશન બોર્ડે તપાસ શરૂ કરી**

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૩૧

સોમનાથના દરિયા કિનારે અસંખ્ય દરિયાઈ જીવોના મૃતદેહ મળી આવતા ચકચાર વ્યાપી છે. સુત્રાપાડા સ્થિત ગુજરાત હેવી કેમીકલ્સ લિમિટેડ(GHCL) નામના ઔદ્યોગિક એકમની નજીકમાં આવેલા સમુદ્રના કિનારે વહેલી સવારે વોકિંગમાં નીકળેલા સ્થાનિક જયદીપસિંહ બારડ નામના વ્યક્તિના ધ્યાને આવતા આ ગંભીર મુદ્દો આવ્યો હતો.

સ્થાનિકો દ્વારા ઔદ્યોગિક એકમ પર કરાયેલા ગંભીર આક્ષેપને પગલે તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે. જે દરિયાઈ કાચબા છે તે શિડ્યુલ વનમાં આવતા હોવાથી વન વિભાગે પણ તપાસમાં ઝંપલાવ્યું છે. ત્યારે બીજી બાજુ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા પાણીના સેમ્પલ લઈ તપાસ શરૂ કરી છે

GHCL કંપનીએ નજીકના સમુદ્ર કિનારે પડેલા કાચબાના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે મોકલ્યો હતો. સ્થાનિકોના આક્ષેપ મુજબ ઔદ્યોગિક એકમો દ્વારા દરિયાઈ પ્રદૂષણ ફેલાવવામાં આવે છે. જેને અટકાવવું ખૂબ જ જરૂરી છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા પાણીના સેમ્પલ લઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

આ સમગ્ર મામલે અમે જીપીસીબી ના અધિકારી ડી એમ પરમાર સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે જે દિવસે ન્યૂઝ ચેનલ અને અખબાર ની અંદર ન્યુઝ પ્રકાશિત થયા હતા તે દિવસે પણ અમે પાણી ના સેમ્પલ લીધા છે અને ત્યારબાદ બીજી વાર ફરી સેમ્પલ લઈ તપાસ માં મોકલ્યા છે અને સાચી હકીકત તપાસ બાદ માલુમ પડશે.

# રૂા. ૨૦.૪૪ લાખની ઓનલાઈન છેતરપીંડી અંગે જૂનાગઢ સાઈબર પોલીસમાં ફરીયાદ

જૂનાગઢ તા. ૩૧

વંથલી તાલુકાના ઉમટવાડા ગામે રહેતા અને ખેતીનો વ્યવસાય કરતા ૪૭ વર્ષીય નિલેશભાઈ પોપટભાઈ ભૂત નામના આધેડે રૂા. ૨૦.૪૪ લાખ ગુમાવ્યા હોવાનું બહાર આવ્યું છે. આ અંગેની વિગતો એવી છે કે, ગત તા. ૧૮ જુનના રોજ નિલેશભાઈને તેમના મોબાઈલના ટેલિગ્રામ એકાઉન્ટ ઉપર અજાણ્યા ટેલિગ્રામ એકાઉન્ટ ઉપરથી મેસેજ આવ્યો હતો અને જેમાં ઘરે બેઠા પાર્ટ ટાઈમ નોકરી કરો અને રોજના ૨૨૦૦ થી ૪,૨૦૦ જેટલા રૂપિયા કમાવોની જાહેરાતો જોવા મળી હતી. યુવાનને પાર્ટ ટાઈમ નોકરીની જરૂરિયાત હતી. તેમણે નાણાકીય ફ્રોડ હોવાની શંકાને લઈને ઉત્સુકતા બતાવી ન હતી પરંતુ આ પછી ફરીથી અજાણ્યા ટેલિગ્રામ ઉપરથી મેસેજ આવ્યો હતો અને અલગ અલગ હોટલમાં રેટિંગ આપીને રૂપિયા કમાવવાની માહિતી આપી હતી. બાદમાં ટાસ્ક પુરા કરવા જણાવી રૂપિયા કમાવવાની લાલચ આપી હતી. અજાણ્યા ઈસમે પોતાના બેંક ખાતાઓમાં નિલેશભાઈ પાસેથી કુલ રૂપિયા ૨૦,૪૪,૧૫૦ અલગ અલગ તારીખે ભરાવી અને આ નાણાં પરત નહીં કરી ઓનલાઈન નાણાકીય છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ યુવાને નોંધાવતા જુનાગઢ સાયબર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


અત્રે ઉલ્લેખનીય છે કે ઘર બેઠા ડેટા એન્ટ્રીના જોબની લાલચ બહારની ઘણી કંપનીઓ દ્વારા આપવામાં આવે છે. અને લોકો કંઈપણ જાણ્યા વિચાર્યા વિના ફકત રકમની લાલચમાં છેતરપીંડીનો ભોગ બની જતા હોય છે. આવી ઘણી ફ્રોડ કંપનીઓ ફાલીફુલી છે.

# વેરાવળના જાલેશ્વર વિસ્તારમાં પોલીસ દ્વારા કવિક રીસ્પોન્સ અંગેની મોકડ્રીલ યોજાઈ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૧

ગીર સોમનાથ જીલ્લાના મુખ્ય મથક વેરાવળમાં જાલેશ્વર વિસ્તારમાં દરિયા કાંઠે અચાનક પોલીસ અધિકારીઓ સહીતનો મોટો કાફલો દોડી આવતા આ વિસ્તારમાં રહેતા લોકો પણ ઘરની બહાર નીકળી આવેલ હતા. જયારે આ સમગ્ર ઘટનાક્રમ પોલીસના કવિક રિસ્પોન્સ અંગેની મોકડ્રીલ હોવાનું જાહેર થતા લોકોએ હાંશકારો લીધેલ હતો. વેરાવળમાં દરીયા કાઠા વિસ્તારમાં આવેલ જાલેશ્વર ખાતે આજે સાંજના સમયે અચાનક ડીવાયએસપી, સીપીઆઈ, પીઆઈ, પીએસઆઇ, એલસીબી સહીતના અધિકારીઓ સાથે પોલીસની આઠથી વધુ વાહનોમાં ધાળા ઉતરી જતાં સ્થાનીક રહેવાસીઓમાં કુતુહલ સર્જાયું



હતું અને લોકો ઘર ની બહાર નીકળી ગયા હતા અને થોડીવાર બાદ પોલીસે મોકડ્રિલ હોવાની જાહેરાત કરતા લોકોએ હાંશકારો લીધેલ હતો. વેરાવળમાં સંવેદનશીલ વિસ્તારમાં પોલીસના કવિક રિસ્પોન્સ અંગે આ મોકડ્રીલ યોજાયેલ હોવાનું જાણવા મળેલ છે.

# વેરાવળ : કારમાં આગ લાગતા દોડધામ, ફાયર વિભાગની ટીમે આગ બુજાવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૧

વેરાવળના રાજેન્દ્ર ભુવન રોડ ઉપર આઈ ટેન મોટરકાર માં અચાનક મધ્યરાત્રીના સમયે આગ લાગી હતી. આ કાર બે યુવકો લઈને જતા હતા ત્યારે અચાનક મોટર કાર બંધ પડી ગયેલ અને ત્યારબાદમાં આગ ભભૂકી ઉઠી હતી અને તાત્કાલીક ફાયર વિભાગ સ્થળ ઉપર પહોંચી આગને કાબુમાં લીધી હતી જયારે આગ સીએનજી કીટમાં ફોલ્ટને કારણે લાગી હોવાનું પ્રાથમિક



તપાસમાં બહાર આવેલ છે. આ બનાવમાં કોઈ જાનહાનિ થયેલ ન હતી.

આ બનાવની પ્રાપ્ત માહીતી મુજબ વેરાવળ શહેરના રાજેન્દ્ર ભુવન રોડ ઉપર ગત રાત્રિના બે વાગ્યા આસપાસ આઈ ટેન સીએનજી મોટર કારના માલીક કીશન તથા તેનો મીત્ર કારમાં જઈ રહેલ તે સમયે અચાનક મોટર કાર બંધ પડી ગયેલ હતી જેથી બન્ને જણા મોટર કારમાંથી બહાર આવી ચેક કરી રહેલ તે દરમ્યાન અચાનક આગ ભભુકી ઉઠી હતી અને જોત જોતમાં આખી મોટર કાર આગની જવાળાઓમાં લપેટાઈ ગયેલ હતી. આ બનાવની જાણ ફાયર બ્રીગેડને થતા રવિરાજસિંહ ના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓ તુરંત સ્થળ ઉપર પહોંચી આગને કાબુમાં લેવા પાણીનો મારો કરતા આગ કાબુમાં લીધેલ હતી સીએનજી મોટર કારમાં અચાનક કયાં કારણોસર આગ લાગી તે રહસ્ય હજુ અકબંધ હોય જે અંગે પોલીસે તપાસ હાથ ધરેલ છે.

# સંયુકત નૈતિક માનવ અધિકાર સમિતિ દ્વારા પ્રાચીન ગરબી મંડળને સન્માનીત કરાયા



જૂનાગઢ, તા.૩૧

સંયુકત નૈતિક માનવ અધિકાર સમિતિ દ્વારા નિલેશભાઈ જોષીના માર્ગ દર્શન મુજબ તા.૨૮/૧૦/૨૦૨૩ના રોજ શરદ પૂનમના રોજ આપણી સાંસ્કૃતિની પરંપરા જળવાઈ રહે અને આવીને આવી પ્રાચીન ગરબી થતી રહે એ હેતુથી હાઉસિંગ ખાતે આવેલા સિદ્ધાર્થ ગરબી મંડળ રેલવે સ્ટેશનની ક્રિષ્ના ગરબી મંડળ, જોષીપરાની પ્રાચીન ગરબી તેમજ અખિલ રઘુવંશી ગરબી મંડળના આયોજકોને સંગઠનના પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા અને આવા કાર્યક્રમ કરતા રહે એવી શુભેચ્છાઓ આપેલ. આ તકે જૂનાગઢ જિલ્લા પ્રમુખ વૈશાલીબેન રાઠોડ જૂનાગઢ જિલ્લા ઉપપ્રમુખ સીમાબેન મકવાણા અને જિલ્લા જેકેટરી ચાંદનીબેન રૂપારેલીયા હાજર રહ્યા હતા.

# ખંભાળિયામાં લાંચ લેતા ઝડપાયેલા નાયબ કાર્યપાલક ઇજનેરને ત્રણ વર્ષની કેદની સજા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૧

ખંભાળિયામાં માર્ગ મકાનમાં ફરજ બજાવી ચૂકેલા અને હાલ નિવૃત્ત એવા નાયબ કાર્યપાલક ઈજનેરને એ.સી.બી. પોલીસે રૂા. એક હજારની લાંચ લેતા ઝડપી લીધા હતા. આ પ્રકરણમાં ખંભાળિયાની એડિશનલ સેશન્સ કોર્ટે આરોપીને ત્રણ વર્ષની સખત કેદ તથા દંડ ફટકારતો હુકમ કર્યો છે.ખંભાળિયાના ધરમપુર સીમ વિસ્તારમાં રહેતા એક આસામી દ્વારા જામનગર જિલ્લા માર્ગ અને મકાન પંચાયત વિભાગ હેઠળ તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં સાઈન બોર્ડ વિગેરેનો કોન્ટ્રાક્ટ રાખવામાં આવ્યો હતો. આ અંગેનું કામ તારીખ ૨૮ એપ્રિલ ૨૦૦૫ ના રોજ પૂર્ણ થયું હતું. આ કામના ફાઈનલ બિલ તૈયાર કરવા માટે ખંભાળિયાની માર્ગ મકાન પંચાયત પેટા વિભાગ કચેરીમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા સલીમભાઈ હુસેનભાઈ ઠેબા દ્વારા ફરિયાદી આસામી પાસેથી રૂપિયા ૧,૫૦૦ ની માંગણી કરવામાં આવી હતી. જે પૈકી રૂપિયા ૧,૦૦૦ તેઓ તારીખ ૧ જૂન ૨૦૦૬ ના રોજ આપવા માટે તૈયાર થયા હતા. આ અંગેનો કેસ ખંભાળિયાની સ્પેશિયલ બીજા એડિશનલ સેશન્સ જજ શ્રી વી.પી. અગ્રવાલની કોર્ટમાં ચાલી જતા આ પ્રકરણમાં જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી દલીલોને ગ્રાહ્ય રાખીને નામદાર અદાલતે હાલ નિવૃત્ત નાયક ઈજનેરને ત્રણ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# વકીલ મિત્રો તથા કોર્ટ સ્ટાફને સી.પી.આર.ની તાલીમ આપવા નામદાર હાઈકોર્ટના ચીફ જસ્ટીશને રજુઆત

જૂનાગઢ તા. ૩૧

નામદાર ચીફ જસ્ટીશશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદને જૂનાગઢના એડવોકેટ પ્રતિક રાવલએ પત્ર દ્વારા રજુઆત કરતા જણાવેલ છે કે, છેલ્લા ઘણા સમયથી લોકોને હાર્ટએટેક આવવાના કિસ્સાઓમાં વધારો જોવા મળી રહયો છે. ત્યારે સ્વાસ્થ્ય અને સલામતીના ભાગરૂપે નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સમગ્ર રાજયની તમામ અદાલતો ખાતે ફરજ બજાવતા વકીલમીત્રો તેમજ સ્ટાફ મીત્રોને મેડીકલ કોલેજ અથવા રેડક્રોસના સાથ સહકારથી સી.પી.આર.ની તાલીમ આપવામાં આવે તેવું આયોજન કરવા અત્યારના સંજોગો જોતા અનીવાર્ય બન્યું છે.

ગુજરાત રાજયમાં ફરજ બજાવતા ઘણા પોલીસ કર્મચારીઓને પણ આ રીતે સી.પી.આર.ની તાલીમ આપવામાં આવેલ છે. જેના કારણે ઘણી જગ્યાએ પોલીસ જવાનો કોઈ વ્યકિતને હાર્ટ એટેક આવતા તે વ્યકિત માટે દેવદત સમાન બની ઘણા લોકોના જીવ બચાવી લીધા છે. અને ટુંક સમયમાં ઠંડીની ઋતુ પણ શરૂ થવા જઈ રહી છે ત્યારે નિષ્ણાંતો દ્વારા એટેકોન પ્રમાણ વધવાનું અનુમાન કરવામાં આવ્યુ છે. ત્યારે નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજયની તમામ અદાલતોમાં વહેલી તકે નિષ્ણાંતો દ્વારા વકીલ મિત્રો તેમજ સ્ટાફ મિત્રોને સી.પી.આર.ની તાલીમ આપવામાં આવે અને એક ઉમદા ઉદાહરણ પુરૂં પાડવામાં આવે તેમજ અનેક લોકોની પ્રાથમીક સારવાર દ્વારા જીવ બચાવી શકાય તેવું આયોજન કરવામાં આવે તેવી નમ્ર અરજ કરેલ છે.

# ખંભાળિયામાં ગાય બાદ રખડતા આખલાઓને પણ પકડીને ગૌશાળામાં મુકાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૧

ખંભાળિયા શહેરમાં છેલ્લા ઘણા સમયથી રખડતા ઢોરનો વધતો જતો ત્રાસ લોકોમાં ટીકાપાત્ર બની રહ્યો હતો. ત્યારે નગરપાલિકા તંત્ર દ્વારા રસ્તે રઝળતા ગાય તથા આખલાઓને પકડીને ગૌશાળા ખાતે મુકવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત આ વિસ્તારના નવનિયુક્ત પ્રાંત અધિકારી કે.કે. કરમટાની સૂચના મુજબ નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ દ્વારા પશુપાલન અધિકારીને સાથે રાખીને નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર સંજયભાઈ કરમુર તથા સ્ટાફ સાથે આ મુદ્દે સંકલન કરવામાં આવ્યું હતું. શહેરમાં રખડતી ગાયોને એક પાંજરાપોળ ટ્રસ્ટ દ્વારા સ્વીકારવાના નિર્ણય બાદ નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં રખડતા આખલાઓને પણ પકડવાનું શરૂ કરવામાં આવ્યું હતું.જેમાં પ્રથમ તબક્કે પકડવામાં આવેલા દસ આખલાઓને અત્રે જામનગર માર્ગ પર આવેલી આરાધના ધામ ગૌશાળા ખાતે મૂકવામાં આવ્યા છે. ખંભાળિયા વિસ્તારમાં રખડતી ગાયો તથા ખુંટિયાઓને પણ પકડવા માટે પ્રાંત અધિકારી કે.કે. કરમટા દ્વારા આપવામાં આવેલી સૂચનાને ધ્યાને લઈને નગરપાલિકા તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કામગીરીથી નગરજનોએ રાતનો દમ ખેંચ્યો છે. હાલ અહીંની રામનાથ ગૌશાળા, સાથે આરાધના ધામ ગૌશાળા, મોવાણ ગૌશાળા, રામનગર ગૌશાળા વિગેરે સ્થળોએ સ્થાનિકો, ટ્રસ્ટીઓના સહયોગથી પશુઓને રાખવામાં આવી રહ્યા છે સાથે સાથે નગરપાલિકા તંત્ર દ્વારા પણ ઢોરનો ડબ્બો બનાવવાની કામગીરી હાથ વધારવામાં આવી છે.

# જૂનાગઢ સહીત સમગ્ર ભારતમાં શરદી-ઉધરસ અને ઝાડા-ઉલટીના કેસોમાં વધારો

જૂનાગઢ તા.૩૧

હાલ તહેવારોની મોસમ ચાલી રહી છે ત્યારે જ જૂનાગઢ સહીત સમગ્ર ભારતમાં તેમજ જામનગર, ભાવનગર, રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરતમાં રોગચાળાએ માઝા મૂકી છે, ફરી એકવાર શહેરમાં ઠેર ઠેર ડેન્ગ્યૂથી લઈને ચિકનગુનિયા અને વાયરલ ફિવરના દર્દીઓ જોવા મળી રહ્યાં છે. ગયા છેલ્લા એક અઠવાડિયાથી રોગચાળાની સ્થિતિમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે, જેના તંત્રની ઊંઘ ઉડી ગઈ છે. રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી રોગચાળાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. એક અઠવાડિયામાં શહેરની સરકારી હૉસ્પિટલોમાં નોંધાયેલા રોગચાળાના આંકડાએ તંત્રને દોડતુ કરી દીધુ છે. તાજા આંકડા પ્રમાણે, શહેરમાં ડેન્ગ્યૂના, ચિકનગુનિયાના, શરદી-ઉધરસના અને ઝાડા ઉલટીના અનેક કેસ નોંધાયા છે. છેલ્લા એક અઠવાડિયાથી દર્દીઓના ધસારાને જોતા સરકારીની સાથે સાથે ખાનગી હૉસ્પીટલો પણ ઉભરાઈ રહી છે. ખાસ વાત છે કે, જૂનાગઢ શહેરની વિસ્તારની સાથે સાથે હવે રોગચાળાની ઝપેટમાં ગ્રામ્ય વિસ્તારો પણ આવી રહ્યાં છે. રાજકોટમાં તો ભાજપના કોર્પોરેટર નિતીન રામાણી પણ ચિકનગુનિયાની ઝપેટમાં આવ્યા છે. ખાસ વાત છે કે, સોરઠમાં અત્યારે મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, વહેલી સવારે ઠંડી, બપોરે તડકો અને સાંજે વાદળછાંયુ વાતાવરણ રહેવાથી રોગચાળો હજુ પણ વકરી શકે છે. ભારતમાં ડેન્ગ્યુના કેસોમાં અચાનક વધારો થયો છે. સમગ્ર ઉત્તર ભારત અને દિલ્હી-એનસીઆર સહિત દેશના ઘણા ભાગોમાં આ દિવસોમાં ડેન્ગ્યુના કેસ સતત વધી રહ્યા છે. તાજેતરમાં દિલ્હીના કેટલાક વિસ્તારોમાં ભારે ચોમાસાના પૂર બાદ પાણી ભરાઈ ગયા હતા. ઉત્તર ભારતના અન્ય વિસ્તારોમાં પણ પૂરના કારણે મચ્છરજન્ય રોગોમાં વધારો થયો છે. દિલ્હીમાં પૂર બાદ ડેન્ગ્યુના કેસ ઝડપથી વધી રહ્યા છે. તાજેતરમાં દિલ્હી સરકારે ડેન્ગ્યુ જીનોમ ઓળખ માટે ૨૦ ડેન્ગ્યુ સેમ્પલ મોકલ્યા હતા. તેમાંથી સૌથી ખતરનાક DENV-2 સ્ટ્રેન ૧૯ કેસમાં જોવા મળ્યું હતું. ડેન્ગ્યુના આ સ્ટ્રેનને લઈ આરોગ્ય અધિકારીઓ અને લોકોની ચિંતા વધી છે. દિલ્હીના આરોગ્ય વિભાગને જાણવા મળ્યું છે કે ૨૦ માંથી ૧૯ સેમ્પલ ટાઈપ ૨ ડેન્ગ્યુના હતા, જે સૌથી ખતરનાક માનવામાં આવે છે. ડેન્ગ્યુ ટાઈપ-૨ એક ખતરનાક સ્ટ્રેન છે. આ ડેન્ગ્યુનો સૌથી ખતરનાક સ્ટ્રેન છે. ડેન્ગ્યુ વાયરસમાં DENV-1, DENV-2, DENV-3 અને DENV-4 સ્ટ્રેન છે, જેમાં DENV-2 સ્ટ્રેન સૌથી ખતરનાક છે. દિલ્હીમાં ડેન્ગ્યુના ૯૦ ટકાથી વધુ કેસ DENV-2 સ્ટ્રેનના છે. જેના કારણે દર્દીનો જીવ પણ જઈ શકે છે. આ જ કારણ છે કે દિલ્હી સરકારે તમામ સરકારી એજન્સીઓ સહિત સામાન્ય લોકોને સતર્ક રહેવાની અપીલ કરી છે. DENV-2 ચેપના લક્ષણો ડેન્ગ્યુના અન્ય સીરોટાઈપ જેવા જ છે, પરંતુ તે વધુ ગંભીર હોઈ શકે છે.

# ખંભાળિયા વિસ્તારના લોકોએ નવરાત્રી પર્વને આપી ભવ્ય વિદાય

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૧

ખંભાળિયામાં તાજેતરમાં નવરાત્રી પર્વના જુદા-જુદા વિસ્તારોમાં પરંપરાગત તેમજ ભવ્ય આયોજનો કરવામાં આવ્યા હતા. પ્રાચીન ગરબી સાથે અર્વાચીન રાસ ગરબામાં પણ ખેલૈયાઓ મન મૂકીને રમ્યા હતા. ત્યારે રવિવારે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં રંગતરંગ ગ્રુપ દ્વારા આયોજિત એક દિવસીય નવરાત્રી મહોત્સવમાં સૌથી વધુ સંખ્યામાં લોકો સહભાગી થયા હતા. ખંભાળિયાના યુવા અગ્રણી વિમલ ચાવડા તથા તેમની ટીમ દ્વારા ખંભાળિયા વિસ્તારના ખેલૈયાઓ માટે ખાસ યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં રાજ્યના પ્રથમ હરોળના કલાકાર જીગ્નેશ બારોટ તથા તેમની ટીમ સાથે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં એક દિવસીય રાસ ગરબાના સુંદર અને સુચારું આયોજનમાં અત્યાધુનિક સાઉન્ડ સિસ્ટમ તેમજ લાઈટિંગ ડેકોરેશનના સથવારે જીગ્નેશ બારોટ, જાણીતા આર.જે. ધારા, એક્કર પ્રણવ દીક્ષિત, લેડી સિંગર જાહલબેન આહીર વિગેરેએ ખેલૈયાઓને મોડી રાત્રી સુધી ડોલાવ્યા હતા. દર્શકો માટે વિનામૂલ્યે નિહાળવાના આ આયોજનમાં હજારોની સંખ્યામાં દર્શકો સાથે મોટી સંખ્યામાં ખેલૈયાઓએ પ્રાચીન-અર્વાચીન રાસ ગરબા રમવાની મોજ માણી હતી. જેમાં બેસ્ટ ખેલૈયાઓને પુરસ્કૃત પણ કરવામાં આવ્યા હતા. આ આયોજન દરમ્યાન જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય, પી.આઈ. કે.કે. ગોહિલ તથા પોલીસ સ્ટાફના જવાનો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સુંદર અને સફળ આયોજન બદલ મુખ્ય આયોજક વિમલ ચાવડા તથા તેમની ટીમ દ્વારા તમામ દર્શકો, ખેલૈયાઓ તેમજ પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ખંભાળિયામાં કેનેડા સ્થિત વતન પ્રેમીઓની સેવા પ્રવૃત્તિઃ જરૂરીયાતમંદ પરિવારોને કિંમતી ચીજવસ્તુઓ સાથેની કીટ અપાઈ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૧

કેનેડા ખાતે રહેતા અને ખંભાળિયા પંથક સાથે વતન પ્રેમનો નાતો ધરાવતા દાતા સદગૃહસ્થોના આર્થિક સહયોગથી ખંભાળિયામાં રહેતા અનેક પરિવારોને જરૂરી ચીજ વસ્તુઓ સાથેની કિંમતી કીટ અર્પણ કરવામાં આવી હતી.

ખંભાળિયામાં હાલ તહેવારોના દિવસોને અનુલક્ષીને કેનેડા ખાતે રહેતા દાતા પરિવારજનોના આર્થિક સહયોગથી અહીંના સેવાભાવી કાર્યકરોની ટીમ દ્વારા રાશનને લગતી ઘી, તેલ, અનાજ, મસાલા, ચાની ભૂકી વિગેરે સાથેની કિંમતી ચીજ વસ્તુઓ સાથેની કીટ બનાવીને જરૂરતમંદ પરિવારોને અર્પણ કરવામાં આવી હતી. આશરે ૧૨૫ થી વધુ લોકોને આ કીટ સાથે એક બ્લેક્રેટ અર્પણ કરવાનો કાર્યક્રમ અત્રે નગર ગેઈટ પાસે આવેલી શેઠ કાનજી ચતુ ધર્મશાળા ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ સેવાભાવી અગ્રણી શૈલેષભાઈ મજીઠીયા, ડી.કે. પાબારી, મનુભાઈ કાનાણી, યોગેશભાઈ મોટાણી, જિલ્લાના અગ્રણી પત્રકાર કુંજનભાઈ રાડિયા વિગેરેની ખાસ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કીટ મેળવીને લાભાર્થી પરિવારજનોએ રાહત સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ ઉપરાંત અહીંની લોહાણા કન્યા છાત્રાલયમાં રહી અને અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓને એક ઉપયોગી શૈક્ષણિક કીટ તથા રોકડ રકમ પણ કેનેડાના સદગૃહસ્થોના આર્થિક સહયોગથી અર્પણ કરવામાં આવી હતી. ખંભાળિયા વિસ્તારમાં નિયમિત રીતે કેનેડાના વતન પ્રેમીઓ દ્વારા કરવામાં આવતી આ સેવા પ્રવૃત્તિ આવકારદાયક બની રહી છે.



**ઓનલાઈન જાહેર નિવિદા નં. ૨૪ સને ૨૦૨૩-૨૪**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વિદ્યુત માં અને મ પેટા વિભાગ, આઝાદ ચોક, જુનાગઢ-૩૬૨૦૦૧ ફોન નં. ૦૨૮૫ ૨૬૬૦૪૩૬ દ્વારા અંદાજીત કીમત ૦.૬૫ લાખનાં કુલ ૧(એક) કામ માટે ટેન્ડર નોંધાયેલા વિદ્યુત ઇજારદારો પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડર ડોક્યુમેન્ટ તથા ઇટેન્ડરીંગ અંગેનું સમયપત્રક તા.૦૮/૧૧/૨૦૨૩ નાં ૧૬.૦૦ કલાક સુધી https://mb.nprocure.com ઉપર ઉપલબ્ધ રહેશે. બાનાની રકમ, ટેન્ડર ફી તથા અન્ય જરૂરી દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઈન ટેન્ડર સાથે (અપલોડ) રજુ કરવાના રહેશે અને તેના જ ટેન્ડરો ખોલવામાં આવશે. (Any modification / correction will be display on website only.)

માહિતી/જૂના/૭૫૩/૨૦૨૩

આવો આપણે સૌ સાથે મળીને
સરદાર પટેલના અખંડ ભારત,
સશક્ત ભારતના સ્વપ્નને સાકાર કરીએ



રાષ્ટ્રીય
એકતા દિવસની
ભવ્ય ઉજવણી
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીની
ગરિમામયી ઉપસ્થિતિમાં
તારીખ: ૩૧.૧૦.૨૦૨૩, સમય: સવારે ૮ વાગે, સ્થળ: એકતાનગર, ગુજરાત



31 ઓક્ટોબર
અખંડ ભારતના શિલ્પી
સરદાર વલ્લભભાઈ પટેલને
જન્મજયંતીએ શત્ શત્ નમન

વિવિધ કાર્યક્રમોનું આયોજન
- માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે
- BSF અને વિવિધ રાજ્ય પોલીસ દળો દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ પરેડનું આયોજન
- CRPFની તમામ 75 મહિલા બાઈકર્સ દ્વારા ફ્લેગ-ઈન અને ત્યારબાદ ડેર-ડેવિલ શો
- BSF દ્વારા મહિલા પાઈપ બેન્ડ શોનું આયોજન
- સરહદી રાજ્યોમાં વાઈબ્રન્ટ ગામોની આર્થિક ક્ષમતા દર્શાવતું પ્રદર્શન
- ગુજરાત મહિલા પોલીસ દ્વારા કોરિયોગ્રાફ કરવામાં આવેલાં કાર્યક્રમ
- NCC સ્પેશિયલ શો
- શાળા બેન્ડ પ્રદર્શન
- વિવિધ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમો
- ભારતીય વાયુસેનાનું ફ્લાયપાસ્ટ (Su 30, Suryakiran / Hawk)

જીવંત પ્રસારણ નિહાળો DD NEWS ડીડી ન્યુઝ પર